
# હેલ્થ કેર @ ઇન્ટરનેટ ઑફ થિંગ્સ

**ભારતની આઝાદીનાં ૭૫મા વર્ષે જો અત્યાધુનિક ટેક્નૉજી સાથે સજ્જ ઑપરેશન થિયેટરમાં રોબોટ સર્જરી કરતા હોય તો ભારતની આઝાદીના સુવર્ણ જયંતી વર્ષ-૨૦૪૭માં તો શું નું શું હશે ? જોકે, ટેક્નૉલૉજીનું સચોટ ભવિષ્ય કથન કરવું મુશ્કેલ છે છતાં કોવિડ-૧૯ બાદ હેલ્થ કેર ક્ષેત્રએ જે ગતિ પકડી છે તે જોતાં લાગે છે કે ટૂંક સમયમાં સાયન્સ ફિક્શન ફિલ્મ જેવી જ ટેક્નૉલૉજી હેલ્થ કેર ક્ષેત્રમાં સાકાર થયેલી જીવનમાં જોવા મળશે**

ભાવના જોશી

૩૦મી જાન્યુઆરી ૨૦૨૦થી પાંચમી મે ૨૦૨૩. આશરે સવા ત્રણ વર્ષનો આ સમયગાળો દુનિયાની દરેક વ્યક્તિ ક્યારેય ભૂલી શકશે નહીં. ૩૦મી જાન્યુઆરી ૨૦૨૦એ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કોરોના વાયરસની મહામારી જાહેર કરી હતી અને પાંચમી મે ૨૦૨૩એ આ મહામારી પૂરી થયાનું જણાવ્યું હતું. કટોકટીના આ સમયમાં કોરોના વાયરસના ૭૬.૪ કરોડ કેસ સામે આવ્યા અને પાંચ અબજ લોકોએ રસીનો ઓછામાં ઓછો એક ડૉઝ લીધો. લાખો લોકોએ આ મહામારીમાં સ્વજનો ગુમાવ્યાં. માનવજાત માટે ડરામણી અને જીવલેણ પુરવાર થયેલી આ મહામારી પરિવર્તનની ઉત્પ્રેરક સાબિત થઈ ખાસ કરીને તબીબી જગત અને સ્વાસ્થ્ય સંભાળના ક્ષેત્રે. કોરોના મહામારી દરમિયાન તથા બાદમાં મેડિકલ અને હેલ્થ કેર સુવિધા તથા સેવા ક્ષેત્રે અનેક સુધારા તથા વધારા કરવામાં આવ્યા. મહામારી બાદ થ્રીડી પ્રિન્ટિંગ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ક્લાઉડ કૉમ્પ્યુટિંગ, ઓટોનોમસ રોબોટ, બાયોસેન્સર્સ, ઇન્ટરનેટ ઑફ થિંગ્સ, વર્ચ્યુઅલ રિયાલિટી અને હોલોગ્રાફી જેવી ડિજિટલ ટેક્નૉલૉજી મેડિકલ ક્ષેત્રની છબિ બદલાવી રહી છે. જ્યારે દરદી તેના પરિવાર અને ડૉક્ટરની વચ્ચેની કડી પણ અત્યાધુનિક ટેક્નૉલૉજી બની છે. વૉટ્સઍપ , વીડિયો કૉલ અને ચેટબૉટ દ્વારા દરદી અને ડૉક્ટરનો પ્રાથમિક સંપર્ક અને પૂછપરછ કરવામાં આવે છે.



આજથી પચીસ વર્ષ અગાઉ બ્લડપ્રેશર, હૃદયના ધબકારા કે ઑક્સિજનનું પ્રમાણ સતત માપતી સ્માર્ટ વૉચ, ફાઈવજી નેટવર્ક પર આધારિત રોબોટ ઑપરેશન, સરકારી ઍપની મદદથી બે બિલિયન લોકોનું રસીકરણ જેવી બાબતની કલ્પના કોઈએ કરી નહોતી. પણ આજે આવું શક્ય બન્યું છે. છેલ્લા થોડા દાયકામાં આધુનિક ટેક્નૉલૉજીએ હેલ્થ કેર ક્ષેત્રની કાયાપલટ કરી છે અને મહામારીએ આની ગતિને વેગવાન બનાવી છે. ભારતની આઝાદીના ૭૫મા વર્ષે જો અત્યાધુનિક ટેક્નૉજી સાથે સજ્જ ઑપરેશન થિયેટરમાં રોબોટ સર્જરી કરતા હોય તો ભારતની આઝાદીના સુવર્ણ જયંતી વર્ષ- ૨૦૪૭માં તો શુંનું શું હશે? જો કે, ટેક્નૉલૉજીનુ સચોટ ભવિષ્ય કથન કરવું મુશ્કેલ છે છતાં કોવિડ-૧૯ બાદ હેલ્થ કેર ક્ષેત્રએ જે ગતિ પકડી છે તે જોતાં લાગે છે કે ટૂંક સમયમાં સાયન્સ ફિક્શન ફિલ્મ જેવી જ ટેક્નૉલૉજી વાસ્તવિક જીવનમાં જોવા મળશે.

કોવિડ મહામારી બાદ હેલ્થ કેર ક્ષેત્રમાં બે બાબત ઊડીને આંખે વળગે છે. સૌથી પહેલી તો લોકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત થયા છે અને તેમની જીવનશૈલીમાં બદલાવ આવ્યો છે.

બીજી તબીબી જગતમા માળખાકીય સુવિધામાં ખાસ્સો વધારો થતાં જીવલેણ રોગોના નવા ઇલાજો શોધવામાં અથવા તો દરદીને ગુણવત્તાસભર જીવન બક્ષવામાં સરળતા થતી જાય છે.

કોવિડ મહામારી દરમિયાન અને ત્યારબાદ ભારતીય ડૉક્ટરો અને ખાસ કરીને દરદીઓએ ટેલિમેડિસિનની સંકલ્પના અપનાવી લીધી છે. ડૉક્ટરો દરદીને રૂબરુમાં જોયા વગર વીડિયો કૉલમાં લક્ષણો વિશે જાણીને તથા સવાલો પૂછીને નિદાન કરે છે અને દવા આપે છે. સરકારે પણ ટેલિમેડિસિન માટે ઇ સંજીવની પોર્ટલ શરૂ કર્યું હતું, જે અંતર્ગત કોવિડ-૧૯નો ચેપ ધરાવનારા કે ન ધરાવનારાઓને નિઃશુલ્ક ટેલિ-કન્સલ્ટેશન આપવામાં આવતું હતું. ૨૦૨૨ના આખર સુધીમાં ૮૦ મિલિયન લોકોએ આ સુવિધાનો લાભ લીધો હતો. ત્રણ વર્ષ કરતા ઓછા ગાળમાં ઇ સંજીવની સરકાર સંચાલિત વિશ્વનું સૌથી મોટું ટેલિ મેડિસિન પ્લૅટફૉર્મ બની ગયું છે. સરકારના આયુષમાન ભારત ડિજિટલ મિશનના ભાગ રૂપે ડિજિટલ હેલ્થ પહેલનો હિસ્સો ઇ સંજીવની છે. હવે તો ખાનગી હૉસ્પિટલના ડૉક્ટરો પણ ટેલિ મેડિસીન સુવિધા અપનાવીને સમય અને શક્તિની બચત કરે છે. વળી અંતરિયાળ વિસ્તારમાં રહેતા લોકોને પણ શહેરના ડૉક્ટરોનું કન્સલ્ટેશન સરળતાથી ઘેર બેઠા મળી રહી છે. આ સાથે જ ઇલેક્ટ્રૉનિક મેડિકલ રેકોર્ડ્સ અર્થાત્ ઇમેઇલ કે વૉટ્સઍપ પર જ વિવિધ ટેસ્ટના પરિણામો મોકલી આપવામાં કે સાચવવામાં આવે છે, જેથી તે વેળા જવાનો સમય, શક્તિ અને ખર્ચ બચે છે. આથી એમ કહી શકાય કે ઇન્ટરનેટ ઑફ થિંગ્સનું ટેલિ મેડિસીન સાથે જોડાણ જઈને ઇન્ટરનેટ ઑફ મેડિકલ થિંગ્સનું સર્જન થયું છે જે બીમારીને રોકવામાં અને સારવાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એઆઈ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ)થી સંચાલિત પૃથક્કરણ, સાધનો અને મશીન સ્વાસ્થ્ય સંભાળ આપનારાઓને સચોટ માહિતી પૂરી પાડી રહ્યા હોવાથી દરદીને શક્યતઃ ઉત્તમ સારવાર મળી રહે છે.



મુંબઈની આસપાસ આવેલા અંતરિયાળ વિસ્તારોમાં રહેતી ગરીબ અને આદિવાસી પ્રજા સુધી તબીબી સેવા પહોંચે તે હેતુથી નિદાન અને સારવાર માટેના ઓછી કિંમતના પોર્ટેબલ ડિવાઈસ બનાવવામાં આવ્યા છે. ટેલિ કન્સલ્ટેશન અને ઇ-પિસ્ક્રિપ્શન ઉપરાંત બ્લડપ્રેશર, ઓક્સિજન સેચ્યુરેશન, પલ્સ, બોડી ટેમ્પરેચર, બ્લડસુગર, બ્લડ કૉલેસ્ટેરોલ અને હિમોગ્લોબિન માપવા વાયરલેસ હેલ્થ મોનિટર્સ આવી ગયા છે. વળી એવા મોબાઈલ ઍપ પણ છે, જેના દ્વારા આ બધાનું રીડિંગ સ્માર્ટફોન પર પણ મળી શકે છે.

નીતનવી ટેક્નૉલૉજી ઓછા ખર્ચે નવી પદ્ધતિના સારવાર વિકલ્પો પૂરાં પાડી રહી છે. હેલ્થ કેરમાં ડિજિટલને વેગ આપનાર ટેક્નૉલૉજી છે વેરેબલ્સની. કાંડા પર બાંધેલી ઘડિયાળ તમારું બ્લડપ્રેશર વધે એટલે ટિકટિક કરવા લાગે કે બ્લડસુગર તપાસવાનો સમય થતાં જ સ્માર્ટફોનમાં રિમાઈન્ડર આવી જાય. આંગળીમાં પહેરેલી વીંટી હૃદયના ધબકારાનો આંકડો દર્શાવે કે ઇમરજન્સી ઊભી થતાં જ વેરેબલ ડિવાઈસને લીધે નજીકને હૉસ્પિટલમાં મેસેજ પહોંચી જાય. આ છે વેરેબલ ડિવાઈસની વેરાયટી. આથી તે પર્સનલ ઇમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ બની જાય છે. અત્યારે સાધારણ લાગતી સ્માર્ટ વૉચ પર નોંધાતા તમામ ડેટા થોડા વર્ષોમાં વ્યક્તિનો ઑનલાઈન મેડિકલ રેકોર્ડ તૈયાર કરી આપશે જે હાર્ટ એટેક જેવા જોખમને આવતા અગાઉ જ ટાળવામાં મદદરૂપ બનશે.

ભારતમાં શહેરોમાં શ્રેષ્ઠ તબીબી સારવાર ઉપલબ્ધ છે, જ્યારે નાના શહેરો કે ગામડાંમાં રહેનારાઓએ અત્યાધુનિક સારવાર મેળવવા માટે હજુ પણ શહેર સુધી લાંબા થવું પડે છે. આ દિશામાં હજુ ઘણું કરવાની જરૂર છે. વાસ્તવમાં નિષ્ણાતોના મતે તબીબી ક્ષેત્રમાં જરૂરી અત્યાધુનિક સાધનો અત્યંત મોંઘા હોય છે, વળી તેને ચલાવવા જોઈતી વીજળી તથા અન્ય સુવિધાઓ ગામડાંમાં ઉપલબ્ધ નથી. આથી માત્ર ડૉક્ટરો ગામડાંમાં સેવા આપવા જાય તેનાથી આ સમસ્યાનો ઉકેલ મળતો નથી. મુખ્ય તો મૂળભૂત સુવિધાથી ગામડાંને સજ્જ કરવા પડશે, જેથી ત્યાં આધુનિક સાધનોથી સજ્જ હૉસ્પિટલો બાંધી શકાય. કોવિડ મહામારી બાદ સરકાર આ બાબતે જાગૃત થઈ છે અને મેડિકલ સાધનોનું ઓછા ખર્ચે ઉત્પાદન થાય તેવી કાર્યવાહી કરી રહી છે. આ સાથે જ અત્યાધુનિક તબીબી સાધનોનો ઉપયોગ કરવાની તાલીમ પામેલો સ્ટાફ પણ તૈયાર થઈ

(અનુસંધાન પૂર્તિ પાનું C4પર)



# મીરા રોડમાં બનશે અદ્યતન કૅન્સર કૅર રેડિયેશન સેન્ટર

મીરા રોડમાં ભક્તિવેદાંત હૉસ્પિટલ સંકુલમાં ઋણાનુબંધ ટ્રસ્ટ દ્વારા રેડિયેશન સાથેનું કેન્સર કેર સેન્ટર ટૂંક સમયમાં શરૂ કરવામાં આવનાર છે, જેમાં ઓરેન્જ રેશનકાર્ડ ધરાવતા ગરીબ પરિવારોને રેડિયેશનની સુવિધા વિનામૂલ્યે પ્રાપ્ત થશે.



વસંતભાઈ ગલિયા

ઋણાનુબંધ ટ્રસ્ટના વસંતભાઈ ગલિયાએ જણાવ્યું કે, સંસ્થા દ્વારા રેડિયેશનનું રૂા. ૨૫ કરોડની કિંમતનું મશીન આયાત કરાયું છે, જ્યારે પેપસ્કેનનું રૂા. ૨૫ કરોડનું મશીન મગાવાયું છે. આખું સેન્ટર અદ્યતન બનાવાશે. અહીં ૪૦૦ દરદીને ફ્રી સેવા મળી શકશે. મુંબઈથી વલસાડ સુધી આવી સગવડ બીજે ક્યાંય નથી.

મુંબઈમાં સાતેક હૉસ્પિટલમાં રેડિએશન મશીન છે પણ ટાટા હૉસ્પિટલ સિવાય ક્યાંય નિઃશુલ્ક સુવિધા નથી જે મીરા રોડમાં થશે. વસઈ, વિરાર, દહાણુ, પાલઘર, વાડા અને તલાસરીના કૅન્સર દરદીઓને રાહત થશે. પેપસ્કેનની આખા મુંબઈમાં ઓછા ભાવે સગવડ કરાશે.

ભક્તિવેદાંત હૉસ્પિટલે આ સેન્ટર માટે ૧૦ હજાર કાર્પેટ ચોરસફૂટની જગ્યા ફાળવી છે. ચારેક મહિનામાં સેન્ટરની ઈમારત ફર્નિચર સાથે તૈયાર થઈ જશે. આગામી દિવાળી સુધી સેન્ટર કાર્યરત કરવાના અમારા પ્રયાસો છે, એમ વસંતભાઈ ગલિયાએ જણાવ્યું હતું.

દાતાઓ પોતાના સ્વજનની કાયમી સ્મૃતિ જળવાઈ રહે એ રીતે દાન આપી શકે છે. રેડિએશન અને પેપસ્કેન મશીન માટે દાન આપનાર દાતાનું નામ દીવાલ પર લખાશે. ઉપરાંત કેરી બેગ, બિલ બુકમાં દાતાનું નામ છાપવામાં આવશે. આ ટ્રસ્ટ ૮૦જી ધરાવે છે અને સીએસઆરમાં રજિસ્ટર્ડ છે. વધુ માહિતી માટે સંપર્ક ગૌરવ ગલિયા-૯૮૨૦૯૨૪૮૨૪. ઋણાનુબંધ ટ્રસ્ટ આયોજિત એક કાર્યક્રમમાં નવનીત ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ટોકન ચેક અર્પણ કરવાનો કાર્યક્રમ તાજેતરમાં વિલે પાર્લેમાં યોજાયો હતો. વિલેપાર્લે ઈસ્ટના રામકૃષ્ણ હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં નવનીત ફાઉન્ડેશનના અનીલભાઈ ગાલા, સુનીલભાઈ ગાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કૅન્સર કૅર સેન્ટર અને પેટ સીટી સેન્ટર માટે ટોકન ચેક અર્પણ ક્યો હતો. આ પ્રસંગે ઋણાનુબંધ ટ્રસ્ટના વસંતભાઈ ગલિયાએ જણાવ્યું કે આખો પ્રોજેક્ટ રૂા. ૪૦થી ૫૦ કરોડનો છે. હૉસ્પિટલે આ માટે ૧૦ હજાર ચોરસફૂટ જગ્યા ફાળવી છે. હાલમાં ફર્નિચરનું કામ ચાલુ છે. ૪-૫ મહિના અદ્યતન મશીનો આવી પહોંચશે. અલબત્ત આ માટે દાતાઓના સહયોગની જરૂર છે. નવનીત ફાઉન્ડેશને અમને હંમેશાં સહયોગ આપ્યો છે.

નવનીત ફાઉન્ડેશનના સુનીલભાઈ ગાલાએ ભક્તિવેદાંત હૉસ્પિટલની સેવા અને કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો. બહારગામથી આવતા દરદીઓ માટે રહેવાની સગવડ થશે તો તે આશીર્વાદરૂપ નીવડશે.

ભક્તિવેદાંત હૉસ્પિટલના ડાયરેક્ટર વેંકટેશ્વરે જણાવ્યું કે હૉસ્પિટલને ૨૫ વર્ષ થયાં. જરૂરતમંદ દરદીઓને શક્ય તેટલી મદદ કરીએ છીએ. દાતાઓના સહયોગથી કેન્સરના દરદીઓ માટે સુવિધા પ્રાપ્ત થઈ છે જે પશ્ચિમના પરાંઓના અને અન્ય વિસ્તારના દરદીઓ માટે ત્વરીત સારવાર માટે ઉપયોગી બનશે. હૉસ્પિટલના આસિસ્ટન્ટ ડાયરેકર ડૉ. પ્રવીણ મૂલેએ જણાવ્યું કે મીરા-ભાયંદરમાં આ હૉસ્પિટલની સેવાઓ લોકપ્રિય છે. કૅન્સર સેન્ટરની જરૂર હતી જેની પૂર્તિ થઈ છે.

કાર્યક્રમનું સંચાલન ધીરજ છેડા 'એકલવીર'એ કર્યું હતું તો કેન્સર કેર સેન્ટરના હેડ ડૉ. ભાવિન વિસરીયાએ આભારદર્શન કર્યું હતું. કાર્યક્રમની વ્યવસ્થાનો દોર ગૌરવ ગલિયાએ સંભાળ્યો હતો. બિદડા હૉસ્પિટલમાં સેવા આપતા મુકેશ દોશી હાજર રહ્યા હતા.

નૂતન કેન્સર કેર સેન્ટરથી કેન્સરના રોગીઓને સારવાર પ્રાપ્ત થશે. સરકારની યોજનાઓ અંતર્ગત ૫૦ ટકા દરદીઓને નિઃશુલ્ક સારવાર અપાશે. તો ૩૦ ટકા જેટલી સબસિડી મળશે.

બોરીવલી અને વાપી વચ્ચે એડવાન્સ્ડ કેન્સર કેર સેન્ટરની સેવા ઉપલબ્ધ નથી. એના કારણે અસંખ્ય દરદીઓને સમયસરની સારવાર મળતી નથી. તો ખાનગી હૉસ્પિટલોના ચાર્જ મોંઘા હોય છે. તેથી આ નૂતન સેન્ટરમાં મળનારી પરવડે તેવી ટ્રીટમેન્ટ જરૂરતમંદ દરદીઓને ઘણી સહાયરૂપ થશે.

# ૪૦ વર્ષથી કૅન્સર રોગીઓની સેવામાં જીવન જ્યોત ટ્રસ્ટ

કનૈયાલાલ જોશી

'લોકમત' અખબાર તરફથી મહારાષ્ટ્રીયન ઑફ ધ ઈયરનો ૨૦૨૩નો એવૉર્ડ હરખચંદ સાવલાને મળ્યો. આ સમારોહ એનએસસી વરલીમાં યોજાયો હતો. જ્યુરીએ ૫૦ જણને પસંદ કર્યા હતા તેમાંથી ઓનલાઈન મત મેળવીને હરખચંદ સાવલાની પસંદગી કરવામાં આવી.

હરખચંદ સાવલા, જીવન જ્યોત કેન્સર રીલીફ એન્ડ કેર ટ્રસ્ટના મોભી છે. ટાટા હૉસ્પિટલ (પરેલ)ની નજીકમાં જેરબાઈ વાડિયા રોડ પર ૩/૯ કાકાજી ચાલ છે. ચાલની એક રૂમમાં સંસ્થાનું કાર્યાલય છે ત્યાં બેસીને કેન્સરના દરદીના હાલચાલ પૂછે અને પોતાનાથી બનતી બધી મદદ કરે. ચાલીસ વર્ષથી સેવાપ્રવૃત્તિ ચાલે છે.

હરખચંદભાઈની એમની પરેલની ચાલની ઓફિસમાં મુલાકાત લીધી. એમણે સેવાયજ્ઞની શરૂઆત કેવી રીતે કરી એ પછી દાતાઓના સહયોગથી કેવી રીતે પ્રવૃત્તિ વિરાટ બની તેની વાત કરી. સમાજસેવાના પાઠ એ સાતમા ધોરણમાં ભણતા ત્યારથી શીખ્યા. બસના પૈસા બચાવી ત્રણ વર્ષ સુધી સાથે ભણતા ગરીબ છોકરાની સ્કૂલ ફી ભરી. એસએસસી બાદ ભણવાનું છોડી એમણે લોઅર પરેલ મિત્ર મંડળની સ્થાપના કરી. પાંચેક વર્ષ મંડળ ચલાવ્યું પછી એટલે કે ૪૦ વર્ષ પહેલાં કેન્સરના દરદીઓ માટે જીવન સમર્પણ કરવાનો સંકલ્પ કર્યો અને એ સપથ આજ સુધી સાચા ઠેરવ્યા.

એમની ઓફિસમાં આખા દેશમાંથી કેન્સરના દરદીઓ આવે. મહારાષ્ટ્રમાં કોલ્હાપુરમાંથી વધુ દરદી આવે છે. આ એક માત્ર પ્રવૃત્તિ નથી. કુલ ૭૦ પ્રવૃત્તિનું અહીંથી સંચાલન થાય છે જેના માટે ૨૦ જણનો સ્ટાફ છે.

વિવિધ પ્રવૃત્તિઓ જોઈએ તો ૭૦૦ જણને ફ્રી ભોજન આપવામાં આવે છે. ૮૦૦થી વધુ દરદીને કૃત્રિમ પગ બેસાડવામાં આવ્યા છે.

૩૦૦થી વધુ નિરાધાર લોકોનાં મૃત્યુ પછી અંતિમવિધિ કરાઈ છે. આખા દેશમાં કેન્સર જનજાગૃતિ અભિયાન માટે ૨૦૧૧ અને ૨૦૧૪માં સાયકલ પ્રવાસ કર્યો હતો. એકવાર ૨૨ દિવસ અને બીજીવાર ૨૬ દિવસનો પ્રવાસ ખેડયો હતો.



હરખચંદ સાવલા

જીવન જ્યોત કેન્સર કેર રીલિફ ટ્રસ્ટની ૧૨ શાખા છે. મુખ્ય ઓફિસ પરેલમાં છે. બીજી શાખાઓ સાંગલી, જલગાંવ, કલકત્તા, થાણા, પનવેલ, મુલુંડ ઈસ્ટ-વેસ્ટ અને ઘાટકોપરમાં છે. પનવેલ, થાણા અને પરેલમાં ફ્રી ડ્રગ બૅન્ક ચલાવાય છે, સીક બેડ સર્વિસ સેન્ટરોમાંથી પલંગ, વ્હીલચેર, વૉકર, ઓક્સિજન મશીન, સિલિન્ડર, ગરીબ પેશન્ટને ફ્રી આપવામાં આવે છે.

૧૫૦ કેન્સર રોગીના પરિવારને અનાજ દર મહિને ફ્રી અપાય છે. બાકી વૃદ્ધા અને નિરાધારોને આ મદદ કરવામાં આવે છે. અમુક દરદીઓને હળદરવાળું દૂધ, દૂધ પાઉડર આપવામાં આવે છે.

કેન્સર રોગીઓને સસ્તા દરે દવા, કેમો અપાય છે. કેન્સરનાં બાળકોને પિકનીક પર લઈ જવામાં આવે છે. સ્ટુલબેગ, યુરીન બેગ ઓછી કિંમતમાં મેળવી અપાય. દાંતની સારવાર રાહતદરે કરાવી આપવામાં આવે.

મુલુંડ કોલોનીમાં વૃદ્ધાશ્રમ છે, જ્યાં ૪૦ વૃદ્ધોને આશ્રય અપાયો છે. મુલુંડ ઈસ્ટમાં વેપારી મંડળની સંગાથે ઓછી કિંમતમાં ડાયાલિસીસ સેવા અપાય છે જ્યાં ૧૧ મશીન છે.

કેવી દશામાં દરદીઓ આવે છે તેના દાખલા ટાંક્યા. એમપીના ગામડાનો દરદી તાતા હૉસ્પિટલમાં દાખલ થયો હતો સાથે તેની પત્ની હતી તેનું જડબું કાઢી નાખેલું. કોઈ ભાષા ન આવડે. ખિસ્સામાં પૈસા નહીં. સાવલા એમને દવા લઈ આપતા. રોજ પત્ની સાવલાની રાહ જોતી, છેલ્લે ડૉક્ટરે કહ્યું કેમો-રેડિયેશન કામ આવતા નથી. પત્ની રડી પડી એને વતનના ગામ પહોંચાડવાનો હતો. રૂા. ૩૦-૪૦ હજારનો ખર્ચ હતો. માનવ જ્યોતના કુલીનકાંત લુઠીયાએ સેવાની જવાબદારી ઉપાડી. હરખચંદ સાવલાએ દરદી અને છોકરાઓ માટે કપડાં, ખાદ્ય વસ્તુઓ લઈ આપી. હરખચંદભાઈ પોતે સ્ટ્રેચર પર દરદીને લાવ્યા અને એમ્બ્યુલન્સમાં સુવડાવ્યા. કુલીનકાંત લુઠીયા પોતે એમ્બ્યુલન્સમાં બેસીને ગામ પહોંચ્યા ત્યાં છોકરાઓ બાપને ભેટીને રડી પડ્યા. આ દૃશ્ય જોઈને લુઠીયાનું હૃદય દ્રવી ઉઠ્યું હતું.

બીજા એક કિસ્સામાં પત્નીને કેન્સર થયું હતું. પતિ પાસે પૈસા નહોતા. હરખચંદભાઈએ છાપામાં અપીલ છપાવી. આ વાંચીને પતિ નારાજ થઈ ગયો અને કહ્યું તમે મને બદનામ કરી નાખ્યો. હું તમારી વિરુદ્ધ કેસ કરીશ. પછી ખૂબ સમજાવ્યા પછી તેનું મગજ ઠેકાણે આવ્યું હતું.

જીવન જ્યોત સંસ્થાના સ્ટાફનો ખર્ચ મળીને દર મહિને પાંચ લાખનો થાય છે. સંસ્થાને દાન મળે છે. ઉપરાંત પસ્તી, જૂનાં કપડાં વેચીને આવક ઊભી કરવામાં આવે છે, ૪૦ વર્ષમાં ક્યારેય બુક લઈને દાન મેળવવા જવું પડ્યું નથી.

હરખચંદ સાવલા દરરોજ સવારે થાણે, મુલુંડ, ઘાટકોપર થઈને પરેલ પહોંચે. સવારના પાંચ વાગે ઊઠે અને રાતે ૧૨ વાગે નિદ્રાધીન થાય. તેમને કુલ ૨૩૦ એવૉર્ડ મળ્યા છે. સોની ટીવીના કેબીસી 'કૌન બનેગા કરોડપતિ' શોમાં અમિતાભ બચ્ચન સામે હોટસીટ પર બેઠા હતા. એ એમના માટે યાદગાર પ્રસંગ હતો. આ શોમાંથી રૂા. ૨૫ લાખ તેમને મળ્યા હતા જે તેમણે સંસ્થાને અર્પણ ક્ર્યા હતા. કેન્સરના દરદીઓને મદદરૂપ થવા હરખચંદ સાવલાએ હજુ વધુ સેવા આપવા સપનાં સેવ્યાં છે. જેમકે દરદીઓને વિનામૂલ્યે રહેવા મળે તેવી ધર્મશાળા બાંધવી છે. સાજા થયેલા દરદીઓને વ્યવસાયની તકો આપવી. આદિવાસી વિસ્તારોમાં સહાય મળી રહે એવાં મેડિકલ સેન્ટર ઊભા કરવા છે.

# દરદી નારાયણની સેવા, ત્વચાદાન, વિદ્યાદાન જેવી અનેકવિધ પ્રવૃત્તિ હાથ ધરતી સંસ્થા સન્ડે ફ્રેન્ડ્સ

મુંબઈમાં દર વર્ષે આશરે પાંચ હજાર દાઝેલી વ્યક્તિ હૉસ્પિટલમાં દાખલ થાય છે. આમાંની ૭૦ ટકા ત્વચાના અભાવે મૃત્યુ પામે છે. જો તેમને સમયસર ત્વચા મળે તો તેમનું જીવન બચાવી શકાય એમ હોય છે, પણ આપણા દેશમાં ચક્ષુદાન, રક્તદાન વિશે જેટલી જાગૃતિ છે એટલી ત્વચાદાન વિશે નથી. છેલ્લા થોડા વર્ષોથી આ અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કેટલીક સંસ્થાઓ કરી રહી છે. આમાંની એક સંસ્થા છે સન્ડે ફ્રેન્ડ્સ. ૧૯૮૨માં સાયન-માટુંગા વિસ્તારના ગુજરાતી ભાઈ-બહેનોએ મળીને આ સંસ્થાની સ્થાપના કરી હતી. હાલમાં આ સંસ્થામાં ૮૦ જેટલા સભ્યો છે અને આ સંસ્થાની ખાસિયત એ છે કે આમાં કોઈ ટ્રસ્ટી, અધ્યક્ષ કે પ્રમુખ નથી. સંસ્થાના તમામ સભ્યો કાર્યકર્તા છે. સંસ્થાનું નામ ભલે સન્ડે ફ્રેન્ડ્સ હોય, પણ સેવા માટે તેના સભ્યો અઠવાડિયાના સાતેય દિવસ, ચોવીસ કલાક તત્પર હોય છે.

રક્તદાન, દેહદાન, ત્વચાદાન જેવી અનેક સમાજસેવી પ્રવૃત્તિમાં કરતી સન્ડે ફ્રેન્ડ્ઝ સાયન હૉસ્પિટલ સાથે જોડાઈને ત્વચાદાન માટે જાગૃતિ ફેલાવવા પ્રયત્નશીલ છે. ૨૦૦૦ની ચોવીસમી એપ્રિલે સાયન હૉસ્પટલની સર્જરી વિભાગના વડાં ડૉ. માધુરી ગોરેએ ભારતની પ્રથમ સ્કિન બૅન્કની સ્થાપના કરી તેમાં સન્ડે ફ્રેન્ડ્સે મદદ કરી હતી. છેલ્લા ૨૩ વર્ષમાં મૃત્યુ બાદ ત્વચાદાન દ્વારા અંદાજે ૧,૭૫૦ દાઝેલા દરદીઓને જીવતદાન- સારવાર અપાવવામાં સંસ્થાનો સિંહફાળો રહ્યો છે. વધુને વધુ લોકો ત્વચાદાન કરવા પ્રેરાય તે માટે જનજાગૃતિ અભિયાન સાથે સન્ડે ફ્રેન્ડ્સ ડૉક્ટરોના સેમિનાર પણ યોજે છે. સંસ્થાએ સાયન હૉસ્પિટલમાં ત્વચા ઉતારવા માટેનું ડર્મિટોમ મશીન નેધરલૅન્ડથી મેળવી આપ્યું હતું. ઉપરાંત ત્વચાને સાચવી રાખવા માટે ખાસ પ્રકારના રેફ્રિજરેટરનું પણ દાન કર્યું છે.

ત્વચાદાન માટે કોઈ ફૉર્મ ભરવાની કે ખર્ચ કરવાની જરૂર પડતી નથી. મૃતકના સગાં ડૉક્ટરનો સંપર્ક કરીને ત્વચાદાન કરાવી શકે છે. ત્વચાદાનમાં વ્યક્તિની પીઠ અને સાથળ પરની ઊપલી ચામડી કાઢી લેવામાં આવે છે. આ પ્રક્રિયામાં ૩૦થી ૪૦ મિનિટ જેટલો સમય લાગે છે. મૃત્યુના ચોવીસ કલાકની અંદર ત્વચાદાન કરી શકાય. હેપિટાઈટિસ-બી, એચઆઈવી, ત્વચાનું કેન્સર જેવા રોગ ધરાવનારની ત્વચા લઈ શકાતી નથી.

છેલ્લાં ૪૧ વર્ષથી કાર્યરત સન્ડે ફ્રેન્ડ્સ સંસ્થા ત્વચાદાન અંગે જાગૃતિ લાવવા ઉપરાંત લોકમાન્ય ટિળક સાયન હૉસ્પિટલમાં સારવાર માટે આવતાં આશરે ચારસો-પાંચસો દરદીઓનાં સંબંધીઓને દરરોજ સવાર-સાંજ બે સમય જમાડે છે, સારવારને લગતી દવા, એક્સ રે, એમઆરઆઈ, ઑપરેશન વગેરેના ખર્ચમાં સહાય કરે છે.

ભાવના જોશી

સન્ડે ફ્રેન્ડ્સ સંસ્થા વર્ષમાં એકવાર રક્તદાન શિબિરનું આયોજન કરી અંદાજે ૧૫૦૦ બૉટલ રક્ત એકઠું કરે છે. આ શિબિરના આયોજનમાં સંસ્થાના સગીર વયથી લઈને ૭૫ વર્ષની વય સુધીના પીઢ સભ્યો તન-મન-ધનથી યોગદાન આપે છે.

સન્ડે ફ્રેન્ડ્સની અન્ય પ્રવૃત્તિમાં માટુંગા કિંગ સર્કલસ્થિત લિટલ એન્જલ્સ સ્કૂલમાં દર રવિવારે ધોરણ એકથી દસના પાલિકાની શાળામાં ભણતા અંદાજે પંચાવન વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ કરાય છે અને તેમની એવી મુશ્કેલીઓ જે શાળામાં ઉકેલી ન શકાય એનું નિરાકરણ કરવામાં આવે છે. આમાંના દસમા ધોરણમાં ઉત્તીર્ણ થનારા વિદ્યાર્થીઓના કૉલેજના અભ્યાસની પણ વ્યવસ્થા સંસ્થા કરી આપે છે. દરદી નારાયણની સેવા અને વિદ્યાદાન જેવી અનેકવિધ પ્રવૃત્તિ હાથ ધરતી આ સંસ્થા ખરાં અર્થમાં સમાજની ફ્રેન્ડ્સ બનીને અનેકોના જીવનમાં આશાનો પ્રકાશ રેલાવી રહી છે.

**સન્ડે ફ્રેન્ડ્સની વર્ષ ૨૦૨૩ની રક્તદાન શિબિર**

**રવિવાર, ૧૧મી જૂન સવારે ૮.૩૦થી છ વાગ્યા સુધી સાયન (વેસ્ટ)ના માનવ સેવા સંઘ હૉલમાં યોજાઈ છે**

# મૃત્યુ પછી ચક્ષુદાનની માનવતાભરી ભેટ

ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો છે પણ આટલી વિશાળ લોકસંખ્યા સામે ચક્ષુદાનનું પ્રમાણ નહીંવત્ જેવું જ છે. દેશમાં વરસે દહાડે થતાં કુલ મૃત્યુમાંથી માત્ર ૨૫ હજાર એટલે કે ૦.૩-૦.૪ ટકા મૃતકના જ ચક્ષુનું દાન મળે છે. આમાંથી દર વર્ષે આશરે પંદર હજાર કોર્નિયાનું પ્રત્યારોપણ કરવામાં આવે છે.

જન્મ સાથે મૃત્યુ સંકળાયેલું છે. જેણે જન્મ લીધો છે તે મૃત્યુ પામવાના છે. દરેક મનુષ્ય જેમ કીર્તિ, ધન, સુખમય જિંદગી જીવવાની આશા સેવતો હોય તેમ તે પુણ્યશાળી પરોપકારી આત્માને શોભે તેવા મૃત્યુ પામવાની ઈચ્છા ધરાવતો હોય છે.

આપણામાં કહેવાય છે એ તો જિંદગી જીવી જાણ્યા અને મૃત્યુને પણ સાર્થક બનાવી ગયા. આમ આપણા મૃત્યુ પછી નેત્રદાનની માનવતા ભરી ભેટ દ્વારા પ્રજ્ઞાચક્ષુઓને દૃષ્ટિ પ્રદાન કરવાનો મહામંત્ર આપણને વિજ્ઞાને આપ્યો છે.

આધુનિક સંશોધનને એ સિદ્ધ કરી આપ્યું છે કે આપણી આંખના ડોળા પરનો પારદર્શક પડદો જેને કોર્નિયા કહેવામાં આવે છે તેને આપણા મૃત્યુ પછી પણ જીવંત રાખી શકાય છે અને જે દર્દીનો આ ભાગ કોર્નિયા રોગિષ્ટ બની ગયો હોય તેને ચક્ષુદાનમાં મળેલી આંખનો કોર્નિયા બેસાડવામાં આવે તો દેખતા કરી શકાય છે. જે વ્યક્તિની આંખોનું પારદર્શક પટલ કોર્નિયા સારો હોઈ તે દરેક ચક્ષુદાન કરી શકે છે. આમાં ઉંમર, જાતિ, કે લોહીના ગ્રુપનો કોઈ બાધ નડતો નથી. બાળકથી માંડીને વૃદ્ધ, પુરુષ, સ્ત્રી દરેક ચક્ષુદાન કરી શકે છે. આ ઉપરાંત કોઈ કારણસર આંખના ડોળાની મુખ્ય નસ ખોટી પડી ગઈ હોય કે પડદો ખસી ગયો હોય અને પોતે તદ્દન અંધ થઈ ગયા હોય તેવા લોકો પણ જો તેમનો કોર્નિયા સારો હોઈ તો પોતાની આંખનું દાન કરીને પ્રજ્ઞાચક્ષુને દૃષ્ટિ આપવામાં સહાય કરી શકે છે. આંખે ચશ્માં હોય તેઓ પણ ચક્ષુદાન કરી શકે છે. ચક્ષુદાન વ્યક્તિના મૃત્યુ બાદ જ સ્વીકારવામાં આવે છે.



આંખો કાઢવાની પ્રક્રિયા ઘણી સરળ છે. માત્ર પાંચથી સાત મિનિટની અંદર પૂરી થઈ જાય છે. ચક્ષુરોપણનાં ઑપરેશનની સફળતા માટે અવસાન બાદ ચક્ષુદાનની પ્રક્રિયા જેમ બને તેમ જલદી અથવા તો મોડામાં મોડા છ કલાકની અંદર થઈ જવી જોઈએ.

બીજી ખાસ બાબત એ છે કે ડૉક્ટર દ્વારા આંખ કાઢતી વખતે બહુ જ સાવધાની રાખવામાં આવે છે. આંખો કાઢી લીધા પછી આંખના પોપચાં એવી રીતે બંધ કરી દેવામાં આવે કે આંખોની જગ્યાએ કોઈ ખાડો પડતો નથી. આંખો પહેલા હતી તેવી જ દેખાય છે અને સદગતનો ચહેરો બિલકુલ બેડોળ બનતો નથી.

આમ દાનમાં મળેલ આંખોને જીવાણુરહિત કાચની ખાસ બૉટલમાં મૂકવામાં આવે છે અને તેને બરફ ભરેલા થર્મોસમાં લઇ જવામાં આવે છે. કારણ કે આંખોને ઑપરેશન સુધી સાચવવા માટે ઠંડાં ઉષ્ણતામાનની જરૂર હોય છે. હૉસ્પિટલમાં આ બાટલીઓ ફ્રિજમાં રાખી મૂકવામાં આવે છે. આ આંખો ૨૪થી ૪૮ કલાકમાં ઉપયોગમાં લઇ પ્રત્યારોપણ કરવામાં આવે તો ઉત્તમ ગણાય. આ ઉપરાંત જો રાસાયણિક પ્રક્રિયા કરી રાખવામાં આવે તો મહિનાઓ સુધી રાખી શકાય છે. હૈદરાબાદના સ્વ. ટોકરશી લાલજી કાપડિયાએ સ્થાપેલી કાપડિયા આઈ બૅન્ક દેશની પ્રથમ આઈ બૅન્ક છે.

આપણે ત્યાં એવી માન્યતા છે કે ચક્ષુરોપણનાં ઑપરેશનમાં આંખનો ડોળો બદલી નાખવામાં આવે છે. જેમ કાંડા ઘડિયાળ ઉપર કાચ હોઈ તેમ આંખની કીકી ઉપર જે પારદર્શક પટલ આવેલું છે તેને કોર્નિયા કહે છે. એમાંથી પ્રકાશનાં કિરણો અંદર પ્રવેશે છે. દાનમાં મળેલા આંખનો આ કોર્નિયા જ ફક્ત શસ્ત્રક્રિયા વડે પ્રજ્ઞાચક્ષુની આંખમાં પ્રત્યારોપિત કરવામાં આવે છે. આ કોર્નિયાની જેમને જરૂર છે તેવા દર્દીઓ નેત્રદાનના અભાવે દૃષ્ટિ પાછી મેળવવાથી વંચિત રહી ન જાય તે જોવાની સહુની ફરજ બની રહે છે.

### ચક્ષુદાન માટે શું કરવું જોઈએ ?

સ્વજનના મૃત્યુ પછી ચક્ષુદાન માટે ચક્ષુ બૅન્ક અથવા નજીકના આંખના ડૉક્ટરને જાણ કરવાથી તુરંત ચક્ષુ લેવા માટેની વ્યવસ્થા થઈ જાય છે. હવે ઘણી સામાજિક સંસ્થાઓ ચક્ષુદાનની પ્રવૃત્તિ કરતી સંસ્થાઓના કાર્યકરો દ્વારા તમામ ચક્ષુદાનની વ્યવસ્થા ગોઠવાઈ જાય છે એટલે મૃત્યુ પામનાર વ્યક્તિનાં કુટુંબીજનોને કશી તકલીફ ન પડે તેવી કાળજી આ સંસ્થાઓ રાખે છે.

આંખો ખુલ્લી રહી જાય અને પવન લાગે તો ડૉક્ટર આવે ત્યાં સુધી મૃતદેહની આંખની વિશેષ સંભાળ લેવાની હોય છે. સદ્ગતની આંખો જો ખુલ્લી રહી ગઈ હોય તો તુરત બંધ કરી દેવી જોઈએ અને બંધ આંખો ઉપર ભીનો રૂમાલ મૂકી દેવો જોઈએ. તેના રૂમમાં પંખો બંધ કરી દેવો જોઈએ. કારણ કે આંખો સુકાઈ જાય તો તેના કોર્નિયા અન્યને કામ આવતા નથી.

# એક બ્રેનડેડ વ્યક્તિનાં અંગો અનેકના જીવન અજવાળી શકે છે

વિરારમાં રહેતા દંડવતે પરિવારનો ૩૦ વર્ષનો પુત્ર સાકેત બાઈક ટ્રીપનો શોખીન હતો. બેંગલુરુની ડિજિટલ કંપનીમાં નોકરી કરતો સાકેત રજા મળતાં જ મોટરબાઈક લઈને પ્રવાસે નીકળી પડતો હતો. પંદરમી મેએ સાકેત પુણેથી બેંગલુરુ બાઈક પર જઈ રહ્યો હતો ત્યારે કર્ણાટકના ચિત્રદુર્ગ નજીક એક કારે મારેલી ટક્કર તેન માટે જીવલેણ નીવડી. સાકેતને હૉસ્પિટલમાં વેન્ટિલેટર પર મૂકવામાં આવ્યો પણ બચવાની આશા નહોતી. આથી તેના ડૉક્ટર માતા-પિતાએ કાળજું કઠણ કરીને સાકેતના અંગનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. પાંચ મહિના પહેલાં જ સાકેતના લગ્ન થયા હતા. આથી તેના અંગદાન માટે તેની પત્ની પાસેથી મંજુરી મેળવવામાં આવી. સાકેતના લીવર, કિડની, આંખ, ત્વચા અને હાર્ટ વાલ્વનું દાન કરાયું હતું અને તેનાથી ૧૧ દરદીઓને નવજીવન મળ્યું છે. દંડવતે પરિવારમાં અંગદાન કરવાનો શિરસ્તો છે. અગાઉ સાકેતના દાદાએ પણ અંગદાન કર્યું હતું.

આપણી પાસે જે હોય તેના દ્વારા અન્ય વ્યક્તિને સુખ, શાતા, સહાયતા કે સગવડ આપવાનો પ્રયાસ કરવો એ દાન કહેવાય. કોઈપણ અપેક્ષા વિના કરવામાં આવે એ દાન. સતયુગથી કલયુગ સુધીમાં દાનના સ્વરૂપ, પ્રકાર તેમ જ વ્યાખ્યાઓ બદલાતી રહી છે. સામાન્ય રીતે ધન, ધાન્ય, જ્ઞાન કે શ્રમનું દાન કરવામાં આવે છે. પરંતુ કલયુગમાં આનાથી વધુ પુણ્ય આપનારું દાન એટલે રક્તદાન અને વિવિધ શારીરિક અંગોનું દાન. છેલ્લા એકસો વર્ષમાં તબીબી ક્ષેત્રે એવી પ્રગતિ કરી છે કે એક વ્યક્તિ દ્વારા કરાયેલું અંગદાન બીજા એક કે એકથી વધુને જીવન બક્ષે છે. અંગદાનની પ્રક્રિયા અત્યંત જટિલ અને કરુણ છે છતાં તે કલયુગનું મહાદાન ગણાય છે. શરીરના ચોક્કસ અંગની બીમારી કે તે ગુમાવી દેવાને કારણે જીવવાની આશા ગુમાવી બેઠેલાઓને અંગ પ્રત્યારોપણ દ્વારા જીવવાની બીજી તક મળે છે.

અંગદાન એવી પ્રક્રિયા છે, જેમાં જીવંત અથવા મૃત વ્યક્તિ પોતાના તંદુરસ્ત અંગનું દાન અન્ય વ્યક્તિના સ્વાસ્થ્યના લાભાર્થે કરે છે. દાતાના શરીરમાંથી અંગ લઈને તેનું પ્રત્યારોપણ પ્રાપ્તકર્તાના શરીરમાં કરવામાં આવે છે. કિડની, લીવર અને સ્વાદુપિંડ (પેન્ક્રિયાસ) જીવંત વ્યક્તિમાંથી લઈને દરદીમાં પ્રત્યારોપિત કરી શકાય છે. ઈશ્વરે દરેકને બે કિડની આપી છે અને એક કિડનીનું દાન કર્યા બાદ રહેલી કિડનીથી વ્યક્તિ સ્વસ્થતાથી જીવન જીવી શકે છે. આ જ પ્રમાણે લીવર અને સ્વાદુપિંડ પણ અડધા જેટલા દાન કરીને બાકીનું જીવન તંદુરસ્તીભર્યું જીવી શકાય છે. જોકે, જીવંત વ્યક્તિ લોહીની સગાઈ (ભાઈ, બહેન, માતા-પિતા અને સંતાન) ધરાવનારને જ અંગદાન કરી શકે છે. જ્યારે લીવર, કિડની, આંતરડાં, સ્વાદુપિંડ, હાર્ટ વાલ્વ, અસ્થિ મજ્જા, રક્તવાહિનીઓ, નેત્ર, હૃદય, ફેફસાં અને ત્વચા જેવા વીસ અવયવોનું દાન બ્રેનડેડ અથવા મૃત પાસેથી લઈ શકાય છે. આજકાલ માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે જખ્મી થયેલાઓ યુવાનોના બ્રેનડેડ થયાના કિસ્સાની સંખ્યા ચિંતાજનક રીતે વધી છે. બ્રેનડેડ અવસ્થામાં વ્યક્તિના મગજનું મૃત્યુ થયું હોય છે પણ અંગો જીવંત હોય છે. આવી વ્યક્તિને વેન્ટિલેટર પર રાખીને થોડો સમય જીવાડી શકાય છે, પરંતુ પરિણામ શૂન્ય જ આવે છે. આ અવસ્થા દરદીના પરિવાર માટે અત્યંત કરુણ હોય છે અને એમાં પણ ઉંમર નાની હોય ત્યારે કુટુંબીજનને વાસ્તવિકતા જણાવતાં ડૉક્ટરને પણ મુશ્કેલી થાય છે. આવામાં તેના અંગોનું દાન કરવા વિશેનો વિચાર રજૂ કરવો પણ કેટલાકને પ્રથમ દૃષ્ટિએ ક્રૂર લાગે છે. પોતાના લાડકવાયાના શરીર પર કાપકૂપ કરીને અંગો કાઢવાનો વિચાર સ્વજનો માટે દુઃખકર હોય તે સમજી શકાય, પરંતુ કાયમ માટે વિદાય લેનાર વ્યક્તિની સ્મૃતિ આ રીતે જીવંત રહેતી હોય તે તક ઝડપી લેવી જોઈએ. બ્રેનડેડ કે મૃત્યુ પામેલી વ્યક્તિના અંગો પ્રત્યારોપણ માટે મર્યાદિત સમય સુધીમાં જ કાઢી લેવાના હોય છે. આથી કુટુંબીજનો પાસે વિચારવાનો ઝાઝો સમય હોતો નથી.


એક સર્વેક્ષણ અનુસાર ભારતમાં દર વર્ષે આશરે પાંચ લાખ લોકો અવયવોની ખરાબીને લીધે મૃત્યુ પામે છે. આમાંથી બે લાખ લીવરના રોગથી અને પચાસ હજાર હૃદયરોગથી મૃત્યુ પામે છે. દોઢ લાખ લોકો કિડની પ્રત્યારોપણની રાહ જુએ છે. પરંતુ માત્ર પાંચ હજારને જ કિડનીદાતા મળે છે. પોણા બે લાખ કિડની પ્રત્યારોપણની સામે માત્ર પાંચ હજાર જેટલા પ્રત્યારોપણ શક્ય બને છે. હૃદય અને ફેફસાં માટેના આંકડા તો વધુ ચિંતાજનક છે. વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ ભારત હોવા છતાં અહીં અંગદાનનો દર માત્ર ૦.૦૧ ટકા છે. ક્રોએશિયાના ૩૬.૫ ટકા અને સ્પેનના ૩૫.૩ ટકાની સામે આપણો દર તણખલા સમાન છે. આપણા દેશમાં અંગદાન અને પ્રત્યારોપણ સંબંધિત પ્રાથમિક કાયદો 'માનવ અંગ પ્રત્યારોપણ અધિનિયમ' ૧૯૯૪માં પસાર કરવામાં આવ્યો હતો. આનો હેતુ તબીબી કારણોસર અંગ પ્રત્યારોપણના નિયમો અને નીતિ નક્કી કરવાનો હતો. આ સાથે જ આ પ્રક્રિયા માનવ અવયવોની હેરફેર અથવા અન્ય ગેરકાયદે હેતુ માટે ન થાય તે પણ નિશ્ચિત કરવાનો હતો. ૨૦૧૧માં આ કાયદામાં સુધારો કરવામાં આવ્યો અને ૨૦૧૪માં કાયદાને લગતા નિયમો સૂચિત કરવામાં આવ્યા હતા. આમ છતાં પ્રતિ વર્ષ દેશમાં અંગ પ્રત્યારોપણનું પ્રમાણ વધી રહ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાનુસાર ૨૦૧૩માં થયેલા પાંચ હજાર અંગ પ્રત્યારોપણ સામે ૨૦૨૨માં પંદર હજાર અંગ પ્રત્યારોપણ થયા હતા.

# સ્વામી શ્રી પ્રેમપુરી આશ્રમ



બ્રહ્મલીન
સ્વામી શ્રી પ્રેમપુરીજી મહારાજ



પરમ પૂજ્ય મહામંડલેશ્વર
સ્વામી શ્રી વિશ્વેશ્વરાનન્દગિરિજી
(વર્તમાન અધ્યક્ષ)

**સ્થાયી કાર્યક્રમ**
પ.પૂ. સ્વામી શ્રી અખંડાનંદ સરસ્વતીજી મહારાજનું
CD દ્વારા પ્રવચન, દરરોજ : સવારે
સત્સંગ પ્રવચન-સંતોના પ્રવચન, દરરોજ : સવારે ૮થી ૯

**સ્વાધ્યાય**
સોમથી શનિ સવારે ૯.૧૫થી ૧૦
સંતો દ્વારા સ્વાધ્યાય પ્રવચન 'પંચદશી'

**ગીતા ચિંતનમાળા**
(દૈયા પરિવાર દ્વારા) સાંજે ૬થી ૭

**બાળયોગ સંસ્કાર કેન્દ્ર**
શનિવાર, બપોરે ૪થી ૫
**3 વર્ષની ઉપરના બાળકો માટે બાળ સંસ્કાર કેન્દ્ર**
રવિવાર, બપોરે ૩.૩૦થી ૫

**પ્રેમપુરી મહિલા મંડળ દ્વારા**
**ચૈત્ર-આસો નવરાત્રિ તથા શ્રાવણ માસ નિમિત્તે કાર્યક્રમ**
બપોરે ૩.૩૦ થી ૫

**પ્રાત: યોગ વર્ગ (નિ:શુલ્ક)**
દરરોજ સવારે ૬.૩૦થી ૭.૩૦

**સાયં યોગ વર્ગ (નિ:શુલ્ક)**
સોમવારથી ગુરુવાર સાંજે ૬.૦૦થી ૭.૦૦

**વ્યાખ્યાનમાળા તથા ભજનસંધ્યા**
સાંજે ૫.૧૫થી ૭.૩૦

**સંસ્કૃત પઠન વર્ગ**
સોમવાર બપોરે ૩થી ૫

**મનોચિકિત્સા કેન્દ્ર (નિ:શુલ્ક)**
સોમવાર બપોરે ૩થી ૫

**ભજન સુધા ભક્તિ સંગીત વર્ગ**
સોમવાર બપોરે ૪થી ૫

**ગીતા સ્વાધ્યાય**
સોમવાર સાંજે ૬.૦૦થી ૭.૪૫

**વિસામો**
મંગળવાર સાંજે ૪.૩૦થી

**ગરબા ઔર લોકનૃત્ય વર્ગ**
બુધવાર બપોરે ૩થી ૪.૪૫

**મનન**
બુધવાર સાંજે ૫.૦૦થી ૬.૦૦

**અવકાશ (નિ:શુલ્ક)**
ગુરુવાર બપોરે ૩થી ૫

**સ્વર સુધા ભક્તિ સંગીત વર્ગ**
ગુરુવાર તથા શુક્રવાર બપોરે ૪થી ૫
શુક્રવાર સવારે ૧૧.૦૦થી ૧૨.૦૦

**શારદા શ્રી**
શનિવાર બપોરે ૨.૩૦થી ૫

**તબલા વર્ગ**
શનિવાર સાંજે ૫.૦૦થી ૬.૩૦

**ધ ફાઉન્ડેશન કોર્સ (પાઠશાલા)**
રવિવાર સવારે ૯.૩૦થી ૧૧

**પ્રેમપુરી જ્યોતિષ વર્ગ**
રવિવાર બપોરે ૩.૦૦થી ૫


## સ્વામી શ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ

પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, સ્વામી પ્રેમપુરીજી ચોક, બાબુલનાથ રોડ,
મુંબઈ- ૪૦૦ ૦૦૭. ફોન નં. : 23632608 / 23676397
ઈમેલ : Prempuri@prempuri.org/prempurityst@gmail.com


## પ્રેમપુરી આશ્રમમાં વર્ષ ૨૦૨૩ના વિશેષ કાર્યક્રમો

**૧૦થી ૧૫ જુલાઈ ૨૦૨૩**
**પ. પૂ. સ્વામીશ્રી આત્માનંદ પુરીજી**
સાંજે ૫.૧૫થી ૭.૩૦ ● **વિષય :-** હનુમાન કથા

**૨૧થી ૨૪ જૂન ૨૦૨૩**
**કાર્ષ્ણિણી સ્વામી શ્રી ગુરુશર્ણાનંદજી મહારાજ**
સાંજે ૫.૩૦થી ૭.૩૦ ● **વિષય :-** વ્રજયાત્રા-ચુંદડી મનોરથ

**૨ જુલાઈ ૨૦૨૩**
**સાહિત્ય સોપાન** ● સવારે ૧૦.૩૦થી બ. ૧૨.૩૦

**3 જુલાઈ ૨૦૨૩**
ગુરુપૂર્ણિમા નિમિત્તે સંતોદ્વારા પ્રવચન ● સવારે ૮થી ૧૦

**૧૮ જુલાઈ ૨૦૨૩થી ૧૬ ઑગસ્ટ ૨૦૨૩ સુધી**
સાંજે ૪થી ૬ ● પ્રેમપુરી મહિલા મંડળ (અધિક માસ)

**૧૮ જુલાઈ ૨૦૨૩**
બ્રહ્મલીન સ્વામીશ્રી અખંડાનંદ સરસ્વતીજી મહારાજ
'આનંદ જયંતી' ● સવારે ૭.૩૦થી ૧૦

**૧૭ ઑગસ્ટ ૨૦૨૩- પ્રેમપુરી મહિલા મંડળ**

**૩૦ ઑગસ્ટ ૨૦૨૩ (પવિત્ર શ્રાવણ માસ) શિવકથા**

**૮ ઑક્ટોબરથી ૧૪ ઑક્ટોબર**
**પ. પૂ. આચાર્ય ગોવિંદ દેવગિરીજી મહારાજ**
સાંજે ૪.૩૦થી ૭.૩૦ ● **વિષય:-** ''ભારત ભક્તિ કથા''

**૧૫થી ૨૨ ઑક્ટોબર ૨૦૨૩**
**પ્રેમપુરી મહિલા મંડળ (અશ્વિન નવરાત્રિ)** ● સાંજે ૪થી ૬

**૧૨થી ૧૮ નવેમ્બર ૨૦૨૩**
**પ. પૂ. સ્વામીશ્રી અખંડાનંદ સરસ્વતીજી**
સાંજે ૫.૩૦થી ૭.૩૦ (આરાધન મહોત્સવ)
**વિષય:-** ભક્ત-ભક્તિ-ભગવાન

**૧૯ નવેમ્બર ૨૦૨૩**
**આરાધન મહોત્સવ સંતો દ્વારા પ્રવચન** ● સવારે ૮થી ૧૦

## સ્વામી શ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ

**આયોજીત**

## ''સાગર કે પ્રતિ આદર''

**સમુદ્ર આરતી ગિરગાંવ ચોપાટી**
**સૂર્યાસ્ત હર મહિનાના પૂર્ણિમા**

**આત્મપ્રિય પરિજનો,**
**પ્રેમપુરી આશ્રમ ટ્રસ્ટ દ્વારા પ્રથમ વખત ''સાગર કે પ્રતિ આદર'' કાર્યક્રમનું આયોજન કરાયેલ છે, જેની હેઠળ પ્રત્યેક મહિનાની પૂનમના દિવસે સાગરની આરતી કરવામાં આવશે.**

**-: સ્થળ :-**
**ગિરગામ ચોપાટી (પશ્ચિમ), વ્યુઈંગ ગેલેરી,**
**મુંબઈ-૪૦૦૦૦૭**

**-: નિમંત્રક :-**
**સ્વામી શ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ, ટ્રસ્ટીગણ**

**બધા સત્સંગ પ્રેમી સપરિવાર-મિત્રમંડળ**
**સહ**
**સાદર આમંત્રિત છે.**

## શ્રીમદ્ ભાગવદ્ સપ્તાહ જ્ઞાનયજ્ઞ ૩૦ નવેમ્બર થી ૭ ડિસેમ્બર ૨૦૨૩
## પ.પૂજ્ય સ્વામી શ્રી હરિચૈતન્યનંદજી સરસ્વતીજી મહારાજ દ્વારા


દર વર્ષે પ્રેમપુરી મહારાજ નિર્વાણ મહોત્સવ નિમિત્તે
છેલ્લાં ૬૦ પોથીની ભાગવત મધ્યમ વર્ગના લોકો માટે
તા. ૩૦-૧૧-૨૦૨૩ થી ૭-૧૨-૨૦૨૪ સુધી
સમય ૭.૩૦થી ૧૦ સુધી.



દીનાબેન (ઉપાધ્યક્ષ)



ગિરીશ ડ્રેસવાલા (સચિવ)



રાજેશ રજનીકાન્ત વેદ (ખજાનચી)



પ્રકાશ મહેતા (સચિવ)


**★ ટ્રસ્ટી મંડળ ★**

| | |
|---|---|
| પ.પૂ.મ.મં. સ્વામી શ્રી વિશ્વેશ્વરાનંદગિરીજી | અધ્યક્ષ |
| શ્રીમતી દીનાબેન એ. મહેતા | ઉપાધ્યક્ષ |
| પ.પૂ.મ.મં. સ્વામી શ્રી મોહનાનંદગિરીજી | ટ્રસ્ટી |
| પ.પૂ.મ.મં. સ્વામી શ્રી વિશ્વાત્માનંદપુરીજી | ટ્રસ્ટી |
| પ.પૂ. આચાર્ય સ્વામી શ્રી ગોવિંદદેવગિરીજી | ટ્રસ્ટી |
| પ.પૂ.મ.મં. સ્વામી શ્રી પ્રણવાનંદ સરસ્વતીજી | ટ્રસ્ટી |
| પ.પૂ. સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી | ટ્રસ્ટી |
| શ્રી ગિરીશભાઈ ડ્રેસવાલા | મુખ્ય સચિવ |
| શ્રી રાજેશ વેદ | ટ્રેઝરર |
| શ્રી પ્રકાશ મહેતા | સહસચિવ |
| શ્રી હેમેન્દ્રભાઈ એમ. કોઠારી | ટ્રસ્ટી |
| શ્રી મધુસુદન ગર્ગ | ટ્રસ્ટી |
| શ્રી તુષારભાઈ તન્ના | ટ્રસ્ટી |
| શ્રી મનોજ સંતોષ અગ્રવાલ | ટ્રસ્ટી |

# ૮૫ વર્ષથી મહિલા સશક્તીકરણ માટે સક્રિય શ્રી કોટ હિન્દુ સ્ત્રીમંડળ



સંપન્ન પરિવારની મહિલાઓને નવરાશના સમયમાં સમાજોપયોગી પ્રવૃત્તિ કરે અને તેના દ્વારા ગુજરાતી સમાજની બહેનોને સામાજિક પ્રવૃત્તિમાં પલોટવાનો અને સ્વાવલંબી બનાવવાનો ઉદ્દેશ હતો, જેથી તે ખરાં અર્થમાં સબળા બને. આવા શુભ આશયથી પ્રાણલાલ દેવકરણ નાનજીએ ૧૯૩૮ની ૧૬મી જૂને શ્રી કોટ હિન્દુ સ્ત્રીમંડળની સ્થાપના કરી અને તેની ધુરા જયાવતી પ્રાણલાલ દેવકરણ, કલાબહેન પારેખ અને ગુણવંતીબહેન પારેખને સોંપી. ૮૫ વર્ષ અગાઉ માત્ર આઠ સભ્યોથી શરૂ થયેલા આ મંડળની વર્તમાન સભ્ય સંખ્યા ૧૬૦૦થી અધિક છે અને તેનાં પ્રમુખ છે, કોકિલાબહેન અંબાણી.

છેલ્લાં થોડા વર્ષોથી મહિલા સશક્તીકરણની ચર્ચાઓ થાય છે, આની શરૂઆત શ્રી કોટ હિન્દુ સ્ત્રીમંડળમાં તો ૮૫ વર્ષ અગાઉ જ થઈ ગઈ હતી. તે સમયે મોટા ભાગની મહિલાઓનો મહત્તમ સમય ઘરના કામકાજ તથા પારિવારિક જવાબદારીમાં જ પૂરો થતો હતો. આમ છતાં તેમનામાંની કુશળતા અને શક્તિને બહાર લાવવાનું પ્રોત્સાહન મંડળ આપતું હતું. મહિલાએ ઘરની જવાબદારી નિભાવવાની હોય છતાં પોતાના વિકાસ તથા શોખને પોષવા માટે પણ કંઈક કરવું જોઈએ એવી સમજ મંડળે આપી હતી. મંડળે મહિલાની શક્તિને તાલીમ આપી બહાર કાઢી તથા તેમને પગભર કરવાની ક્ષમતા બક્ષી હતી. આનાથી તેમનામાં આત્મવિશ્વાસનો સંચાર થતો હોવાનું પણ જોવા મળ્યું.

સમાજોપયોગી પ્રવૃત્તિના વિચારથી રોપાયેલું મંડળનું બીજ આજે વટવૃક્ષમાં પરિણમ્યું છે અને તેની મીઠી છાયામાં આરોગ્યલક્ષી અને શૈક્ષણિક વિવિધ પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. સમયની સાથે બદલાતી જરૂરિયાત અનુસાર મંડળની પ્રવૃત્તિઓ તથા ક્લાસીસમાં ફેરફાર કરવામાં આવે છે. બ્યુટી, પેઈન્ટિંગ, યોગ અને ડાન્સ ક્લાસીસનો લાભ બહેનો લે છે. ગૃહઉદ્યોગ, હુન્નર ઉદ્યોગની પ્રવૃત્તિઓ દ્વારા બહેનો વધારાની આવક ઊભી કરી શકે છે તો કુસુમબેન મથુરાદાસ કોઠારી વરિષ્ઠ મહિલા વિકાસ કેન્દ્ર હેઠળ સિનિયર સિટિઝન મહિલાઓ માટે વર્ષમાં ચાર કાર્યક્રમ યોજાય છે. મંડળમાં ચાલતા સુમન બાળમંદિરમાં નર્સરીથી સિનિયર કેજી સુધીના વર્ગો લેવાય છે તથા બાળવિકાસને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રવૃત્તિઓ કરાવાય છે. મંડળમાં રાસગરબા, કુકિંગ કે ભજન ગાવાની હરીફાઈઓ યોજાય છે. સભ્ય બહેનો દ્વારા ભરેલી સાડીનું પ્રદર્શન યોજાય ત્યારે તેમની કલાસૂઝ અને આવડત જોઈ દંગ રહી જવાય છે. હવે તો શુભ પ્રસંગમાં પહેરી શકાય એવા સાડી અને ચણિયા-ચોળી માત્ર ડ્રાયક્લિનિંગનો ખર્ચ લઈને પહેરવા અપાય છે. પુષ્પાબહેન શાહ જાગૃતિ મિલનમાં વર્ષમાં ચાર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાય છે. જન્માષ્ટમી, નવરાત્રિ, દિવાળી જેવા તહેવારો નિમિત્તે યોજાતા આ કાર્યક્રમો બહેનોના જીવનમાં ઉમંગ રેલાવે છે. મંડળની માસિક પત્રિકા દ્વારા સભ્યોને વિવિધ પ્રવૃત્તિની જાણ કરવામાં આવે છે. મંડળને માનદ્ સેવા આપતાં સભ્ય તથા સેવકનું હંસાબહેન પ્રવિણચંદ્ર ગાંધી આજીવન પુરસ્કાર તથા હંસાબહેન પ્રવિણચંદ્ર ગાંધી શ્રેષ્ઠ સેવા પુરસ્કાર આપીને સમ્માન કરવામાં આવે છે. જ્યારે નીનાબહેન નલીનકાંત કાપડિયા પ્રોત્સાહન પુરસ્કાર દ્વારા વર્ષ દરમિયાન સારું કામ કરતા કર્મચારીને સમ્માનિત કરાય છે.

બહેનોને સક્ષમ કરવાના ભાગરૂપે શ્રી કોટ હિન્દુ સ્ત્રીમંડળ વર્ષમાં છ વાર ૧૨૦ બહેનોને અનાજની, સાધારણ બહેનોને દર ત્રણ મહિને આર્થિક મદદ તથા હૉસ્પિટલની સારવારમાં સહાય કરે છે. ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છુક વિદ્યાર્થિનીઓને ફીની સહાય તથા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ કરવામાં આવે છે. મંડળમાં ચાલતા જયાબેન નારણદાસ કંટોલ મેડિકલ સેન્ટરમાં આંખના, ફિઝિયોથેરેપિસ્ટ, ઓર્થોપેડિક, નેચરલ કૅર, હોમિયોપેથી, ન્યુરોપેથી, સુજોગ, આયુર્વેદિક, દાંત, જનરલ ફિઝિશિયન, ઈએનટી, ગાયનેકૉલૉજિસ્ટ, ડાયટિશિયન જેવા તબીબી ક્ષેત્રની વિવિધ શાખાના નિષ્ણાત ડૉક્ટરો સેવા આપે છે.

સ્વ. હંસાબહેન ગાંધીની અથાક મહેનતથી મંડળનો વિકાસ થયો છે. વર્તમાન પ્રમુખ કોકિલાબહેનનાં

**ભાવના જોશી**

માર્ગદર્શનમાં મંડળમાં અનેક નવી પ્રવત્તિઓનો ઉમેરો થયો છે. જ્યારે સૌથી પીઢ સભ્ય મૃદુલાબહેન ગોહિલ (દીદી)નાં જતનથી મંડળ અનેક પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે. હાલમાં મંત્રી નીનાબહેન કાપડિયા, મંજુબહેન ગાંધી અને અલ્કાબહેન વખારિયા તથા સહમંત્રી મૃદુલાબહેન ગોહિલ અને પારુલબહેન ગાંધી તથા ખજાનચી રશ્મિબેન મહેતા મંડળની પ્રવૃત્તિને આગળ વધારવા ઉત્સાહથી કાર્ય કરી રહ્યાં છે.

# ગાંધીજીના સિદ્ધાંતો અને ગોખલેનાં સેવાકાર્યથી પ્રેરિત : ભગિની સમાજ



આઝાદીની ચળવળમાં મહિલાઓ યોગદાન આપવા ઉત્સુક હતી. પણ પુરુષપ્રધાન સમાજ વ્યવસ્થામાં તેમની આ ઇચ્છા પૂરી થવી મુશ્કેલ હતી. આથી કેટલાક વિદ્વાનો અને સમાજ સુધારકોએ મહિલાઓને ઘરની ચાર દીવાલમાંથી બહાર લાવીને તેમની શક્તિઓને યોગ્ય દિશાનિર્દેશ કરવાનો આરંભ કર્યો. આ બાબત કેન્દ્રમાં રાખીને જ ગોપાળકૃષ્ણ ગોખલેના શિષ્ય કરસનદાસ ચિતલિયાએ ૧૯૧૬ની ૧૩મી ફેબ્રુઆરીએ ભગિની સમાજની સ્થાપના કરી હતી. ભગિની સમાજની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ સ્ત્રીની ઉન્નતિ થાય તેવા પ્રયાસ કરવાનો અને આ પ્રકારનું કાર્ય કરતી અન્ય સંસ્થાઓને યથાશક્તિ સહાયક થવાનો હતો. આજે ૧૦૭ વર્ષથી આ સંસ્થા મહિલા અને બાળ ઉત્કર્ષના કાર્યમાં અગ્રેસર છે. ગોખલેના સેવામય જીવનમાંથી પ્રેરણા મેળવીને તેમના સિદ્ધાંત અનુરૂપ સેવાકાર્ય કરવા ભગિની સમાજ સતત કાર્યરત છે. મહત્ત્વની બાબત એ છે કે ભગિની સમાજની સ્થાપના સમયે મહાત્મા ગાંધીએ પણ નિર્ભયતા, સરળતા, સત્યતા, ધૈર્ય, નમ્રતા. ન્યાયબુદ્ધિ, સરળતા અને અડગતા જેવા ગુણો કેળવી દેશસેવા કરવાનો સંદેશ પાઠવ્યો હતો. દેશ આઝાદ થયાને ૭૫ વર્ષ થયા હોવા છતાં ભગિની સમાજનું સમાજસેવા કાર્ય અવિરત ચાલી રહ્યું છે.

૧૯૧૭માં ગાંધીજીએ ભગિની સમાજને ફીજીમાં ગિરમિટિયા બહેનો પર થતાં અત્યાચારને અટકાવવાની ચળવળ ઉપાડવાનો આદેશ આપ્યો હતો. ભગિની સમાજનાં તત્કાલીન પ્રમુખ જાઈજીબહેન પિટીટની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળ ડેપ્યુટી વાઈસરૉયને મળ્યું હતું અને હિન્દુ બહેનોના શિયળનો પ્રશ્ન ઉકેલાયો હતો.

૧૯મી સદીમાં જનજાગૃતિ લાવવાનું મુખ્ય માધ્યમ સમાચારપત્રો અને પુસ્તકો હતા. આથી ૧૯૧૮માં ભગિની સમાજે ગુજરાત અને કાઠિયાવાડનાં ૧૩૦ જેટલાં ગામમાં વાંચનગૃહોની સ્થાપના કરી. ૧૯૧૯માં ગાંધીજીના સુવર્ણ મહોત્સવ પ્રસંગે જે ભેટ રકમ આપી હતી, તેમાંથી વિલેપાર્લેમાં ભગિની સેવા મંદિર બંધાયું હતું. બાદમાં આ મકાન વિલે પાર્લે કુમારિકા સ્ત્રીમંડળને સોંપવામાં આવ્યું હતું. આ સંસ્થાએ સ્વદશી અને ખાદી પ્રચાર માટે મહત્ત્વનું કાર્ય કર્યું હતું. બાળ સાહિત્ય અને મહિલાઓના હુન્નરનું પ્રદર્શન યોજનારી પ્રથમ સંસ્થા ભગિની સમાજ હતી. દુકાળ અને પૂર જેવી આફતોમાં પણ સંસ્થાએ ભંડોળ એકઠું કરીને સેવાકાર્યમાં સાથ આપ્યો હતો. સૌથી નોંધનીય બાબત એ છે કે ભગિની સમાજની બહેનોએ એક વર્ષ સુધી વિદેશી કાપડની દુકાનો પર પિકેટિંગ કર્યું હતું.

૧૯૩૩માં ભગિની ગૃહનો આરંભ થયો અને ત્યારબાદ ભરત, સિવણ, પેઈન્ટિંગ, ફેન્સી કામ શીખવવાના તથા પાપડ, અથાણાં વગેરે બનાવવાની પ્રવૃત્તિ શરૂ થઈ હતી. બાળમંદિર, સેવામંદિર અને ગરબા મંડળની શરૂઆત પણ આ જ સમય દરમિયાન થઈ હતી. ૧૯૪૧માં ભગિની સમાજનો રજત મહોત્સવ ઊજવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો, પણ બીજા વિશ્વયુદ્ધની ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આ કાર્યક્રમ મુલત્વી રાખવામાં આવ્યો હતો. બાદમાં ૧૯૪૨ના ફેબ્રુઆરી મહિનામાં તે ઉજવવામાં આવ્યો હતો.

૧૯૪૫માં ભગિની સમાજ ભૂલેશ્વર કેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી. અહીં બહેનો માટે ભરત-ગૂંથણ અને સિવણની વિવિધ પ્રવૃત્તિ તથા બાળમંદિરનો આરંભ કરવામાં આવ્યો હતો. ગાંધીજીએ ગામડાંમાં કાર્ય કરવાની પ્રેરણા આપતા તે જ વર્ષે ઉદવાડા કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું હતું. અહીં પછાત વર્ગની કન્યાઓ માટે છાત્રાલયનો પણ આરંભ કરાયો હતો.

૧૯૪૭માં દેશને આઝાદી મળી અને સાથે ભાગલાનો ઘા પણ જીરવવો પડયો હતો. પાકિસ્તાનથી આવેલા નિર્વાસિતોના પરિવારને મુંબઈમાં કોલીવાડા કેમ્પમાં આશ્રય આપવામાં આવ્યો હતો. આ કેમ્પની બહેનોને સ્વેટર ગૂંથવાનું અને સાડી ભરવાનું કામ આપીને ભગિની સમાજે મદદ કરી હતી. ૧૯૫૨માં અમેરિકાના તત્કાલીન પ્રમુખ રુઝવેલ્ટનાં પત્ની ભારત આવ્યાં ત્યારે તેમના સત્કારમાં ભગિની સમાજની બહેનો સહભાગી થઈ હતી. જ્યારે ૧૯૬૧માં ચીન સાથે યુદ્ધ થયું ત્યારે ભંડોળ એકઠું કરીને આર્થિક મદદ પહોંચાડી હતી.

સમય સાથે તાલ મિલાવવા ભગિની સમાજનાં સેવાકાર્યમાં પણ પરિવર્તન આવ્યું છે. હવે આ સંસ્થા સમાજના મધ્યમ અને ગરીબ વર્ગની મહિલાઓ અને બાળકોને શિક્ષણની તક તથા ઓછા દરે તબીબી સેવા પૂરી પાડે છે. આ સાથે જ નૃત્ય, ભરત-ગૂંથણ જેવી વિવિધ કલાના માધ્યમ દ્વારા આપણા સાંસ્કૃતિક વારસાને પણ જાળવવાનું કાર્ય કરે છે. હાલમાં ભગિની સમાજના તાડદેવ, ભૂલેશ્વર, માંડવી, બેલાસીસ રોડ, દાદર તથા દક્ષિણ ગુજરાતમાં ઉદવાડા અને ખડકીમાં કેન્દ્રો ચાલે છે. દાદરમાં વર્કિંગ વુમન માટે પ્રેમકુંવરબેન લોટવાલા ભગિની ગૃહ છે, જ્યારે ખડકીમાં આશ્રામશાળામાં ભણતી બાળકીઓ માટે છાત્રાલય છે. બાળકો માટે રમકડાલય, કૉમ્પ્યુટર કલાસીસ અને ડાન્સ કલાસીસ પણ છે. તહેવારો નિમિત્તે મહિલાઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવે છે. ભગિની સમાજની સ્થાપનાને ૧૦૦ વર્ષ અને તેના ભૂલેશ્વર કેન્દ્રને ૭૦ વર્ષ થયા તેની ઉજવણીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસનાં પત્ની અમૃતા હાજર રહ્યાં હતાં.

# બહેનોને પિયર જેવું લાગતું સ્ત્રી મંડળ સાંતાક્રુઝ



સ્ત્રી મંડળ એટલે એવું સ્થાન જ્યાં બહેનો સ્વતંત્ર રીતે પોતાને વ્યક્ત કરી શકે, મનગમતી પ્રવૃત્તિઓ કરી શકે. જે થોડો સમય પણ એ મંડળમાં વીતાવે તેનાથી પ્રફુલ્લિત અને ઊર્જાસભર બને. ૧૯૨૯માં કેટલીક ઉત્સાહી સેવાભાવી બહેનોએ એક નાનકડા બંગલામાં 'ગુજરાતી હિંદુ સ્ત્રી મંડળ'ની શરૂઆત કરી. આ બહેનો હતી ગંગાબેન પટેલ (સાહિત્યકાર ધીરુબહેન પટેલનાં માતા) રતનબેન મહેતા, સીતાબેન મહેતા, મુદ્રિકાબેન અંજારિયા, હીરાવતી મનસુખલાલ તથા અન્ય. મંડળ માટે ખૂબ ખંત, ઉત્સાહથી કાર્ય કરતી આ વિદૂષી બહેનોએ બાદમાં ધર્મનિરપેક્ષતાની કદર કરતા કહેવું પડે કે તેઓએ મંડળના નામમાંથી 'ગુજરાતી' અને 'હિંદુ' શબ્દ કાઢી મંડળને સર્વધર્મ માટે ખુલ્લું મૂકી દીધું. તેમણે નાનકડા બંગલામાં રોપેલો છોડ આજે સાંતાક્રુઝ પશ્ચિમમાં ટાગોર રોડ પર વિશાળ બૅન્કવેટ હૉલ, જુનિયર કૉલેજનું મકાન, ડાઈનિંગ હૉલ, વિશાળ ગ્રાઉન્ડ ધરાવતું એક વટવૃક્ષ બની રહ્યું છે. આજે લગભગ ૧૩૦૦ જેટલા સભાસદો સ્ત્રી મંડળ સાંતાક્રુઝની પ્રવૃત્તિઓ માણી રહ્યાં છે.

મુંબઈમાં અનેક સ્ત્રી મંડળો છે. પરંતુ આ મંડળના ભૂતપૂર્વ વડીલોની દીર્ઘદૃષ્ટિને કારણે મંડળમાં જગ્યાનો અભાવ નથી. અન્ય મંડળોમાં થતી અનેક પ્રવૃત્તિઓ અહીં થાય છે. પરંતુ આ મંડળમાં થતી પ્રવૃત્તિઓ ક્યારેક બીજા મંડળોમાં કરવી શક્ય નથી. ગુજરાતી લેખિકા ધીરુબેન પટેલ પાંચ વર્ષની વયથી માતા ગંગાબેન પટેલ સાથે મંડળમાં જોડાયાં હતાં. તેમણે જીવનભર આ મંડળ સાથે સંબંધ જાળવ્યો હતો. ૧૯૮૩થી ૨૦૧૫ સુધી કિષ્કિંધાબેને મંડળનો કાર્યભાર પ્રમુખ તથા ટ્રસ્ટી તરીકે સંભાળ્યો હતો. એમના સમયમાં મંડળે ખૂબ પ્રગતિ કરી. ૨૦૧૪માં નવો બૅન્કવેટ હૉલ તથા મંડળની કાયાપલટ કરી ત્યાર બાદ તેઓ મંડળના આજીવન પ્રમુખ તરીકે કામગીરી બજાવતાં હતાં. ત્યાર બાદ સોનલ વ્યાસ છેલ્લા આઠ વર્ષથી કમિટી સાથે મંડળમાં પ્રવૃત્ત છે. મંડળમાં દર મહિને બૌદ્ધિક મનોરંજક હરીફાઇઓ, વ્યાખ્યાન, વૈદકીય શિબિરો, જ્ઞાનવર્ધક મેળાવડા, નવરાત્રિ ગરબા હરીફાઈ, મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન, સિનિયર સિટીઝન ક્લબ, કાયદાકીય જાણકારી, પુસ્તકાલય, સાહિત્ય, સરિતા, 'કોણ બનશે ચતુરા' સ્ત્રી સશક્તીકરણના ઉપક્રમે મહિલા કાર રૅલી, આનંદ બજાર, જેવી પ્રવૃત્તિઓમાં બહેનો ઉત્સાહથી ભાગ લે છે. મંડળના ગૃહઉદ્યોગ વિભાગમાં નાસ્તા બનાવવામાં આવે છે. આ ઉપરાંત મંડળની જુનિયર કૉલેજની વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિ તથા પરીક્ષા ફી, કૉમ્પ્યુટર ફી મંડળ તરફથી આપવામાં આવે છે. દર વર્ષે ૨૪ ઑગસ્ટે મંડળના સ્થાપનાદિને ગંગાબેન પટેલ સમાજ સેવા સન્માનના ઉપક્રમે સમાજ સેવકનું સન્માન કરવામાં આવે છે. મંડળમાં સાત ટ્રસ્ટીઓ છે જેઓ દર ત્રણ મહિને મળે છે તથા ૧૬ બહેનોની કમિટી છે જેઓ અઠવાડિયાના ત્રણથી ચાર દિવસ મળે છે અને ઉત્સાહથી કાર્યક્રમોનું આયોજન કરે છે. આ બધી બહેનોને મંડળ પોતાના પિયર જેવું લાગે છે. મંડળના ટ્રસ્ટીઓ અને કાર્યકર્તાનું સ્વપ્ન વ્યવસાયલક્ષી શિક્ષણ આપવાનું છે. ચડાણ કપરાં છે, મંજિલ દૂર છે પણ દૃઢ વિશ્વાસ છે કે આ સ્વપ્ન જરૂર પૂરું થશે.

# મહર્ષિ કર્વે સ્થાપિત ભારતની પ્રથમ મહિલા યુનિવર્સિટી : એસએનડીટી મહિલા વિશ્વવિદ્યાલય

૧૮૯૬માં ભારતમાં મહિલાઓનાં શિક્ષણમાં નવા યુગની શરૂઆત થઈ જ્યારે ધોન્ડો કેશવ કર્વેએ પૂણેના હિંજેવાડી નજીક વિધવાઓ અને લાચાર સ્ત્રીઓ માટે એક આશ્રમની સ્થાપના કરી. તેમને સમજાયું કે આ મહિલાઓને આત્મનિર્ભર, સ્વાવલંબી અને આત્મવિશ્વાસપૂર્ણ બનાવવા માટે શાળાકીય શિક્ષણ જરૂરી છે. કર્વેએ ત્યાં શિક્ષણ કાર્યની શરૂઆત કરી, જે આગળ જતાં છોકરીઓ અને મહિલાઓ માટે એક નિયમિત શાળા બની. મહિલાઓ પ્રત્યે સદીઓ-જૂનાં રિવાજો અને રૂઢિચુસ્ત વલણ દ્વારા સંચાલિત સમાજમાં, શાળાએ સામાજિક અને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

ટોકિયોની જાપાન મહિલા યુનિવર્સિટી વિશેની એક પુસ્તિકા કર્વેને તેમના મિત્રએ મોકલી હતી. કર્વેનું મહિલા યુનિવર્સિટી સ્થાપવાનું સ્વપ્ન હતું. ડિસેમ્બર ૧૯૧૫માં કર્વેએ મુબઈમાં રાષ્ટ્રીય સમાજ સુધારણા કૉંગ્રેસના પ્રમુખ તરીકેના સંબોધનમાં,પોતાના આ સ્વપ્નને વાસ્તવિક આકાર આપવાના નિર્ણયની જાહેરાત કરી. બીજી જૂલાઈ ૧૯૧૬ના દિવસે પાંચ વિદ્યાર્થિનીઓનાં પ્રવેશ સાથે પ્રથમ કૉલેજ શરૂ થઈ; તે ક્રમશઃ મહિલા વિશ્વવિદ્યાલય તરીકે આકાર પામી. કર્વેએ ભંડોળ માટે સરકારની મંજૂરીની રાહ ન જોતાં અને સખાવતી દાતાઓનાં દાનથી યુનિવર્સિટી શરૂ થઈ. ૧૯૨૦માં યુનિવર્સિટીનું નામ શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા યુનિવર્સિટી રાખવામાં આવ્યું.

૧૯૩૬માં આ યુનિવર્સિટીનું મુખ્યાલય મુંબઈમાં ખસેડવામાં આવ્યું. વધુ ને વધુ મહિલાઓને ઉચ્ચ શિક્ષણ પૂરું પાડતી, આ વિશ્વવિદ્યાલયનો વિકાસ ચાલુ રહ્યો. ૧૯૫૧માં, વિશ્વવિદ્યાલયને સત્તાવાર માન્યતા આપવામાં આવી હતી અને તેનું નામ શ્રીમતી નાથીબાઈ




ઠાકરસી મહિલા વિશ્વવિદ્યાલય રાખવામાં આવ્યું, જે હવે એસએનડીટી મહિલા વિશ્વવિદ્યાલય (એસએનડીટી વીમેન્સ યુનિવર્સિટી) તરીકે વિખ્યાત છે. આ વિશ્વવિદ્યાલયને દેશભરમાં અધિકાર ક્ષેત્ર ધરાવવાનો દુર્લભ વિશેષાધિકાર મળ્યો છે. પાંચમી જુલાઈ ૨૦૧૬ના દિવસે યુનિવર્સિટીએ તેના અસ્તિત્વના ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા. તે ભારત અને દક્ષિણ પૂર્વ એશિયાની આટલા વર્ષઓ જૂની પ્રથમ મહિલા યુનિવર્સિટી છે. યુનિવર્સિટીના રજતજયંતી સમારંભના પ્રમુખ ડૉ. રાધાકૃષ્ણન, સુવર્ણજયંતી પ્રસંગે વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી, હીરક મહોત્સવમાં ડૉ. શંકર દયાલ શર્મા અને શતાબ્દિ સમારંભમાં નાણાપ્રધાન સુધીર મુન્ગટીવાર હાજર હતા.

યુનિવર્સિટીનું મુખ્ય મથક દક્ષિણ મુંબઈના ચર્ચગેટમાં છે, મુખ્ય કેમ્પસ મુંબઈના સાંતાક્રુઝ-જૂહુ વિસ્તારમાં છે. એસએનડીટીના ત્રણ કેમ્પસ છેઃ બે મુંબઈમાં અને એક પૂનામાં. યુનિવર્સિટીએ મહારાષ્ટ્ર, આસામ, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, સુરત અને ગોવામાં પણ કૉલેજો સંલગ્ન કરી છે.

આજે યુનિવર્સિટીમાં ૭૦,૦૦૦થી વધુ વિદ્યાર્થિનીઓ છે અને ૩૯ વિભાગ, ૧૫ વિદ્યાશાખાઓ છે. તેમાં ૧૭૪ અંડરગ્રેજ્યુએટ કૉલેજો છે અને તેની આઠ સંસ્થાઓએ પીએચ. ડી. ડિગ્રી માટે માન્યતા મેળવી છે. યુનિવર્સિટીએ છોકરીઓ માટે ત્રણ માધ્યમિક શાળાઓનું સંચાલન કરવાનું ચાલુ રાખ્યું છે, જે તેને વારસામાં મળી છે. આ યુનિવર્સિટી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણમાં સક્રિય રીતે સંકળાયેલી છે. એસએનડીટી એ મહારાષ્ટ્રની પ્રથમ યુનિવર્સિટી છે, જેણે વર્ષ ૨૦૦૦માં ભારતની રાષ્ટ્રીય આકારણી અને માન્યતા કાઉન્સિલ (એનએએસી) પાસેથી ફાઈવ સ્ટાર રેટિંગ મેળવ્યું હતુ અને ૨૦૧૫માં એ ગ્રેડ સાથે તેની ફરી પુનઃરેટિંગ આપવામાં આવ્યું હતું. અહીં પાંચ ફેકલ્ટીઓ છે, જેના હેઠળ શૈક્ષણિક કાર્યક્રમો આપવામાં આવે છે.

'શિક્ષિત સ્ત્રી એટલે અનંત શક્તિ' મુદ્રાલેખ ધરાવતી એસએનડીટી યુનિવર્સિટીનાં વર્તમાન ચાન્સેલર પ્રૉ. ઉજ્જવલા ચક્રદેવ છે.

# બહુવિધ સેવા કેન્દ્ર : શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજે સેવાયાત્રાનાં ૮૦ વર્ષ પૂર્ણ કર્યા છે. સેવા, સહકાર, સંગઠન, સંસ્કૃતિ અને સત્કર્મના પ્રતીકરૂપે લોકસેવા અને લોકકલ્યાણનું ઘાટકોપર તેમ જ આસપાસના વિસ્તારોમાં સેવાનું કેન્દ્ર છે.

વૈદકીયથી લઈને શૈક્ષણિક, સામાજિકથી લઈને આધ્યાત્મિક, રમતગમતથી લઈને મનોરંજન, મહિલાઓ અને યુવાલક્ષી અનેકવિધ પ્રવૃતિઓમાં સદા અગ્રેસર છે. સમાજની પ્રવૃત્તિમાં અદ્યતન મેડિકલ સેન્ટરમાં નાતજાતના ભેદભાવ વગર દર વર્ષે લગભગ દોઢ લાખથી વધુ દર્દીઓને રાહતના દરે સારવારનો લાભ મળે છે. ૨૪ કલાક ઓક્સિજન સિલિન્ડર, ઓક્સિજન કોન્સન્ટ્રેટર મશીન. પેથોલોજી અને ડાયગ્નોસ્ટિક સેન્ટર. વિવિધ રોગોના નામાંકિત ડૉક્ટરોનું કન્સલ્ટેશન. ફિઝિયોથેરાપી - ન્યૂરો ઓક્યુપેશનલ થેરાપી, ડેન્ટલ ટ્રીટમેન્ટ, આંખના તમામ રોગની સારવાર, લર્નિંગ ડિસેબિલિટીવાળા બાળકો માટે ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટર.

શૈક્ષણિક પ્રવૃતિઓમાં સ્કોલરશિપ, સ્કૂલ ફી, ગણવેશ અને નોટબુક વિતરણ, કૉમ્પ્યુટર વર્ગ વગેરે. સામાજિક પ્રવૃતિમાં દર અઠવાડિયે વરિષ્ઠ નાગરિક




કાર્યક્રમોનું આયોજન, નિઃસહાય વિધવા પરિવારોને આર્થિક સહયોગ, સમૂહલગ્ન અને સમૂહ યજ્ઞોપવિતનું આયોજન, વેવિશાળ પરિચય કેન્દ્ર, યોગના વર્ગો, જ્યોતિષ વર્ગો, મીઠાઈ અને મસાલા વિતરણ.

સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રવૃતિમાં શ્રાવણ માસમાં શિવજીનો રુદ્રાભિષેક તેમ જ શ્રવણીપર્વ, જન્માષ્ટમી, ગણેશઉત્સવ, રામનવમી, ગીતા અધ્યયન, કર્મકાંડ કાર્યશાળા, સંસ્કૃત ભાષાના વર્ગો વગેરે.

મહિલા એવમ્ યુવા પ્રવૃત્તિઓ : મહિલા ઉત્કર્ષ અને જાગૃતિ, સ્ત્રીરોગ વિષયક જાગૃતિ શિબિર, નવરાત્રી ઉત્સવ, ગ્રીષ્મ શિબિર, રમતોત્સવ વગેરે.

કોરોના મહામારીના વિષમ સમયમાં પણ સમાજનું મેડિકલ સેન્ટર સંપૂર્ણપણે સેવારત હતું. મહામારીના પ્રકોપને પહોંચી વળવા પીએમ કેર ફંડ, સીએમ કેર ફંડમાં અનુદાન તેમ જ હોમિયોપેથીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ, જરૂરિયાતમંદ વ્યક્તિઓને અનાજની કિટ પહોંચતી કરવી, માસ્ક અને સેનિટાઇઝર વિતરણ તેમ જ ઑક્સિજન સિલિન્ડર અને ઑક્સિજન કોન્સન્ટ્રેટર મશીન સેવા માટે દિવસ-રાત ઉપલબ્ધ હતી.

વૅક્સિનેશન રજિસ્ટ્રેશન તેમ જ વૅક્સિનેશન કેમ્પનું બે વખત સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

લોકડાઉન પછી સમાજની દરેક પ્રવૃતિઓમાં નોંધપાત્ર વેગ આવ્યો હતો, જેમાં ખાસ કરીને વૈદકીય અને શૈક્ષણિક ક્ષેત્રે દરેક વર્ગોને માનવતાની રૂહે દરેક જરૂરી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી.

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજનું ભવિષ્યનું ધ્યેય સેવા થકી વધુમાં વધુ, જરૂરિયાતમંદોનાં જીવનમાં આશા, ખુશી અને આરોગ્ય માટે સેવાલક્ષી પાંખો ફેલાવીને દરેક ક્ષેત્રે વિકાસ અને વિશ્વાસનો પ્રયાસ થાય તે માટે સતત પ્રયત્નશીલ રહેવું.

# હૅલ્થ કૅર @ ઇન્ટરનેટ ઑફ થિંગ્સ

(પૂર્તિ પાના C1થી ચાલુ)

રહ્યો છે. સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલો રોબોટિક સર્જરી, રેડિયેશન, સાયબરનાઈફ સ્ટિરિયોટેક્ટિક વિકલ્પો, ટ્રાન્સપ્લાનટ સપોર્ટ સિસ્ટમ વગેરેમાં નવીનતમ પ્રગતિ જેવી અત્યાધુનિક ટેક્નૉલૉજીમાં મોટા પાયે રોકાણ કરી રહી છે.

આજે ઇન્ટરનેટ પર ફાઈવજીનું આગમન થઈ ગયું છે. સ્માર્ટ ફોનની સાથે રોબોટિક સર્જરી અને હૅલ્થ કૅર મૅનેજમેન્ટમાં આ ફાઈવજી હાથવાટકા રૂપ બનવાનું છે. ફાઈવજીને લીધે તબીબી સારવાર દેશ નહીં, પણ વિવિધ ખંડના સીમાડા પાર કરીને જરૂરિયાતમંદ સુધી પહોંચી શકશે. આ માટે વિવિધ સર્વિસ પ્રોવાઈડર કંપનીઓ અને હૉસ્પિટલો વચ્ચે જોડાણ થઈ રહ્યું છે.

હૅલ્થ ફૉર ઑલ, આયુષમાન ભારત અને નિશનલ ડિજિટલ હૅલ્થ મિશન જેવી યોજના દ્વારા સરકાર તમામને જરૂરી સ્વાસ્થ્ય સારવાર પરવડી શકે એવા દરે મળી રહે એવા પ્રયાસો કરી રહી છે. કોરોના મહામારી બાદ સ્વાસ્થ્ય વીમા સંબંધિત લોકોનો દૃષ્ટિકોણ બદલાયો છે. હૅલ્થ ઇન્સ્યોરન્સ વિશે જાગૃતિ આવી છે અને લોકો તેને રોકાણની દૃષ્ટિથી જોવા લાગ્યા છે.

એક સમયે ગંભીર રોગની ખર્ચાળ તબીબી સારવાર માટે ભારતીયો વિદેશ જતાં હતા. પરંતુ હવે સમય બદલાયો છે અને વિદેશી દરદીઓ ખાસ ભારત સારવાર કરાવવા આવતા થયા છે. હજારો વિદેશી દરદીઓ માટે આજે ભારત ઉત્તમ સ્વાસ્થ્ય સેવા દાતા તરીકે ઉભરી રહ્યું છે અને મેડિકલ ટુરિઝમ તબીબી ક્ષેત્રનો મહત્ત્વનો હિસ્સો બની ગયું છે.

ગયા વર્ષે ભારતમાં ૭૦ લાખથી અધિક વિદેશીઓ આવ્યા હતા. આમાં ફરવા અને બિઝનેસના કામસર આવનારા વિદેશીઓ બાદ તબીબી સારવાર માટે ભારત આવતાં વિદેશીઓની સંખ્યા સૌથી વધુ હતી. આવા વિદેશીઓને મેડિકલ ટુરિસ્ટ તથા તેમના ભારત પ્રવાસને મેડિકલ ટુરિઝમ કહેવામાં આવે છે. મેડિકલ ટુરિઝમ માટે મુંબઈનું નામ મોખરે હોય છે. મુંબઈના તબીબોની સિદ્ધિઓ અને હૉસ્પિટલોમાં મળતી અદ્યતન સારવાર જગપ્રસિદ્ધ છે. અને સૌથી મહત્ત્વનો મુદ્દો તબીબી ખર્ચનો છે. અહીં આવતો તબીબી ખર્ચ અન્ય વિકસિત દેશોમાં આવતાં ખર્ચ કરતાં ઘણો ઓછો હોય છે. આથી તબીબી સારવારાર્થે મુબઈ આવતાં વિદેશીઓની સંખ્યા વધી રહી છે. હાલમાં ભારતનું મેડિકલ ટુરિઝમ ૭,૪૧૭ મિલિયન ડૉલરનું છે જે ૨૦૩૨ સુધીમાં વધીને ૪૨,૩૨૩૭ મિલિયન ડૉલરનું થઈ જશે. અમેરિકા કરતાં ભારતમાં ક્રિટિકલ કેર સહિતની તબીબી સુવિધા દસમા ભાગની કિંમતમાં મળે છે. સરકારે પણ મેડિકલ વિઝા પ્રોસેસને સરળ બનાવવા ઇ-ટુરિસ્ટ વિઝા આપવાનું શરૂ કર્યું છે. તે જ પ્રમાણે મેડિકલ સારવાર માટે નાણાંને ટ્રાન્સફર કરવાના નિયમોને પણ સરળ બનાવ્યા છે.

# વરિષ્ઠો માટે છાપરું નહીં છત્ર : અનોખો અશક્તાશ્રમ

'એક ભાઈ માંદા પડ્યા એટલે અમે એમના દીકરાને વિનંતી કરતો પત્ર લખ્યો કે બાપાને લેવા આવો. તો જવાબ મળ્યો - મારા ઘરમાં એમનું સ્થાન નથી - એમને ગોમતીના કિનારે મૂકી આવો...'

આવા આઘાતકારક, હૃદયદ્રાવક શબ્દો નિમિત્ત બન્યા એક અનોખા વૃદ્ધાશ્રમના નિર્માણ માટે! અલબત્ત ડાકોરનું આ ધામ વૃદ્ધાશ્રમ નહીં, અશક્તાશ્રમ છે! આદ્યસ્થાપક શ્રી કેશવલાલ રણછોડદાસ શાહે વાનપ્રસ્થાશ્રમમાં આવ્યા પછી આપણે સાંસારિક બાબતોમાં રસ ઘટાડીને આધ્યાત્મિક માર્ગે જીવન વાળવું જોઈએ અને એ માટે વૃદ્ધાશ્રમ હોવા જોઈએ એવા વિચાર વ્યક્ત કર્યા ત્યારે સમાજમાં ઊહાપોહ થયો- કારણ કે આ વાત જ નવી હતી, પણ કેશુભાઈ અડગ રહ્યા અને જ્ઞાતિના સભ્યો માટે ડાકોરમાં એકમાળી ઘર લઈને આશ્રમ શરૂ કર્યો. શરૂઆતમાં પાંચ-સાત વડીલોએ લાભ લીધો તેમાંના એક ભાઈ માંદા પડ્યા ત્યારે ઉપર વર્ણવેલો અનુભવ થયો અને કેશુભાઈએ તે જ વખતે પાણી મૂક્યું કે હું અશક્તાશ્રમ બનાવીશ જ્યાં અશક્ત માણસ જીવે ત્યાં સુધી રહી શકે...



આ કામ આસાન નહોતું. સમાજમાં પાંચ-પાંચ હજાર ઉઘરાવવા નીકળ્યા પણ આમ ટીપે ટીપે સરોવર ક્યારે ભરાય? એવામાં એમના મિત્ર સ્વ. શાંતિભાઈના પુત્ર ચંદ્રવદનભાઈ પાસે આવ્યા અને પિતાજીના સ્મરણમાં મોટું દાન રૂા. ૧,૧૧,૧૧૧ મળ્યા તેના આધારે ડાકોરમાં શ્રી શાંતિલાલ મોહનલાલ શાહ - અશક્તાશ્રમની સ્થાપના થઈ. વખત જતાં કેશુભાઈએ આશ્રમની જવાબદારી ચંદ્રવદનભાઈને સોંપી. લગભગ ૩૭ વર્ષ પછી આજે ૧૦૦ વડીલો (બા અને દાદા)ની વ્યવસ્થા છે.

છેલ્લાં વીસ વર્ષથી ચંદ્રવદનભાઈએ વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈને અશક્તાશ્રમવાસીઓની સેવામાં સંપૂર્ણ પ્રવૃત્ત થયા છે. એમનાં પત્ની ઉષાબેન પણ સહયોગી છે. દર મહિને દસ દિવસ આશ્રમમાં ગાળવાનો નિયમ પાળ્યો. હવે સ્વાસ્થ્યના કારણે પ્રવાસ ઘટાડવાની જરૂર જણાય છે.

નોંધપાત્ર બાબત એ છે કે ચંદ્રવદનભાઈએ ચેન્નઈમાં સ્ટાર્ચ બનાવવાની ફેક્ટરી કર્મચારીઓને સોંપી દીધી. અન્ય ટિસ્યૂ પેપર વગેરે બનાવતી ફેક્ટરી પ્રિયજનોને સોંપી. નરીમાન પોઈન્ટ ઉપર એટલાન્ટામાં આવેલી ઑફિસ કાઢી નાખી અને અશક્તાશ્રમ ઉપરાંત નડિયાદમાં અન્નપૂર્ણા યોજના - જ્યાં માત્ર બે રૂપિયામાં જરૂરિયાતવાળા લોકો અને શ્રમિકોને ભોજન અપાય છે - તથા અન્ય હૉસ્પિટલોને સોલાર પ્લાન્ટ આપ્યા છે - પણ ક્યાંય નામની પ્રસિદ્ધિ નહીં, 'આદિત્યાય નમઃ'. ચંદ્રવદનભાઈ કહે છે શરૂઆતમાં ત્રણ હજાર રૂપિયાની તંગી હતી. આજે કોઈ ત્રણ લાખ રૂપિયા આપવા આવે તો ના પાડવી પડે છે! ઈશ્વરમાં અખૂટ શ્રદ્ધા છે, જ્યારે જરૂર હોય ત્યારે અચાનક દાન મળી જાય છે! એટલું જ નહીં - અન્ય સેવા-સંસ્થાઓ - ટ્રસ્ટ નડિયાદની હૉસ્પિટલો સહિત-ને વાર્ષિક દાન પણ અપાય છે.

આ અશક્તાશ્રમ સામાન્ય વૃદ્ધાશ્રમ નથી. અહીં સામૂહિક જીવનની ભાવના છે. આર્થિક રીતે જીવનનિર્વાહ ન કરી શકતા હોય, કોઈ આધાર ન હોય, બાળકો મા-બાપને સાથે રાખવા તૈયાર હોય નહીં અથવા નાણાકીય રીતે સધ્ધર હોવા છતાં એકલવાયા જીવનથી કંટાળ્યા હોય - તેવા વડીલોને અહીં ઘર-પરિવારનું સુખ મળે છે. આશ્રમના માનદ્ ટ્રસ્ટી ડૉ. નરેશભાઈ વેદ કહે છે - અહીં છાપરું નહીં, છત્ર છે! આશ્રમવાસીઓ જાતે રોજિંદા કામકાજની વહેંચણી કરે છે. મંદિરમાં સાંજે ભજન-કીર્તન થાય છે અને અવારનવાર વિદ્વાનોનાં પ્રવચનો - શિબિરનો લાભ - અન્ય આમંત્રિતોને પણ મળે છે. પરિણામે તેઓ અંતેવાસીઓના નિકટવર્તી બને છે.

આશ્રમમાં ધાર્મિક ઉત્સવો મનાવાય છે અને રાષ્ટ્રીય ઉત્સવો પણ ઊજવાય છે. રથયાત્રામાં રાધાકૃષ્ણ અને ગણેશોત્સવમાં ગણપતિની પાલખી ખૂણે-ખૂણે ફેરવીને પછી વિસર્જન થાય છે. શીતળા સાતમ અને જન્માષ્ટમીમાં કૃષ્ણમય વાતાવરણ છવાઈ જાય છે, તો પંદરમી ઑગસ્ટે - ધ્વજવંદન અને રાષ્ટ્રભક્તિનાં ગીતો અને પ્રવચનો થાય છે. આશ્રમવાસીઓને આવા લાભ મળે છે જે કદાચ પરિવારમાં મળતા નહીં હોય! મકરસંક્રાંતિએ પતંગ ઉત્સવમાં ભાગ લેવા ડાકોરની સુધરાઈ શાળાઓના વિદ્યાર્થીઓને બોલાવાય - આ રીતે બાળકો-કિશોર-કિશોરીઓના પ્રેમની ખોટ પુરાય અને નવી પેઢી વડીલો પ્રતિ આદર રાખવા પ્રેરાય. રક્ષાબંધન પણ આવી જ રીતે ઊજવાય.

આશ્રમ એક વિશાળ પરિવાર છે. દરેકને નિરાંત છે કે અહીંથી જવાનું કોઈ કહેશે નહીં. માંદા-સાજાની સારવાર અને ઑપરેશન જેવી સુશ્રુષા પણ છે. અશક્તાશ્રમ જીવનના આખરી પડાવ-સરનામું. અંતિમક્રિયામાં કોઈ આવે નહીં તો પણ ચિંતા નહીં - જીવનયાત્રાના સહયાત્રીઓ અને સંચાલકો છે જ!

આશ્રમની વ્યવસ્થામાં આત્મીયતા પૂરે છે ઉષાબેન. વડીલો સાથે બેસીને સુખ-દુઃખના અનુભવો વાગોળવાની વડીલોને તક મળે અને ઉષાબેનની ઉષ્મા અને ધીરજ. સૌ એમના આવવાની રાહ જોતા હોય!

કોરોના પછી 'ધાન-દાન' કાર્યક્રમ સફળ બનાવવા સ્વયંસેવક ભાઈઓની સેવા મળે છે. લગભગ રૂા. ૭૦૦થી ૮૦૦ સુધીની જીવનજરૂરી 'કીટ-સંપુટ' આસપાસનાં ગામોના ૯૦૦ જેટલા રહેવાસી અને વિધવા બહેનોને અપાય છે. ચંદ્રવદનભાઈ વારંવાર ભારપૂર્વક કહે છે કે જરૂર પડે ત્યારે ઈશ્વર જ પૈસા મોકલે છે. 'નરસી મહેતાની હૂંડી'ની જેમ!

આશ્રમની ગતિવિધિની માહિતી સાથે ડૉ. નરેશભાઈ લિખિત 'શ્રીકૃષ્ણલીલાના આધ્યાત્મિક અર્થ' સમજાવતી લેખમાળા આશ્રમના ત્રિમાસિક મુખપત્ર 'સેતુ'માં છેલ્લાં ૨૪ વર્ષથી પ્રકાશિત થાય છે. વડીલોની વ્યથા વર્ણવતી - વાંચનારની આંખો ખોલતી - કથા પુસ્તકાકારે ઉષાબેનની કલમથી પ્રકાશિત થાય છે. લેખો-સ્વાનુભવ અને જોયેલા-સાંભળેલા અનુભવના ચાર પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે.

ડૉ. નરેશભાઈ વૈદના શબ્દોમાં - 'જીવનસંધ્યાના આથમતે અજવાળે તાપ-સંતાપ વેઠી રહેલા વરિષ્ઠો માટે અશક્તાશ્રમ છાપરું નહીં, છત્ર બની રહે એવી શુભ ભાવનાથી ચંદ્રવદનભાઈ અને એમનાં ધર્મપત્ની ઉષાબેને સૌના સાથ-સહકારથી શ્રેયસાધક સેવાયજ્ઞ ચલાવ્યો છે - સૌના શુભ મંગલ જીવનનો...'

સરનામું: અશક્તાશ્રમ સોસાયટી, પાણીની ટાંકી પાસે, ડાકોર. પિન-૩૮૮૨૨૫. ફોનઃ ૦૨૬૯૯-૨૪૪૨૧૮.

# નિમ્ન વર્ગ સુધી આંખની અત્યાધુનિક સારવાર પહોંચાડે છે વિઝન ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયા

પાંચમા ધોરણમાં ભણતી અંશિકા યાદવને નાનપણથી આંખમાં ઓછું દેખાતું હતું. આ કારણે તેને ભણવામાં મુશ્કેલી થતી હતી. તેના પિતા ટેમ્પો ચાલક અને માતા ગૃહિણી છે. થોડા મહિના અગાઉ અંશિકાને આંખના ડૉક્ટર પાસે લઈ જવામાં આવી જ્યાં તેને આંખમાં જન્મજાત મોતિયો હોવાની જાણ થઈ હતી. જોકે, નબળી આર્થિક સ્થિતિને લીધે યાદવ પરિવાર દીકરીનું ઓપરેશન કરાવી શકે એમ નહોતો. આથી તેમણે વીએફઆઈનો સંપર્ક કર્યો. વીએફઆઈએ અંશિકાનું ઓપરેશન કરી આપ્યું અને આજે તે સામાન્ય બાળકોની જેમ જ સ્પષ્ટ જોઈ શકે છે.

સમાજના વંચિત અને નિમ્ન વર્ગના લોકોને આંખની સારવાર મળી રહે અને અંધત્વને ટાળી શકાય તે માટે ૧૯૯૩માં બિન સરકારી સંસ્થા વિઝન ફાઉન્ડેશન ઑફ ઈન્ડિયા (વીએફઆઈ)ની સ્થાપના કરવામાં આવી હતી. ભારતનાં ૨૦ રાજ્યની હૉસ્પિટલો સાથે સંકળાયેલા વીએફઆઈ વિવિધ યોજના અંતર્ગત જરૂરિયાતમંદોને સેવા આપે છે. સંસ્થાની તાડદેવ સ્થિત ચેરિટી આય ક્લિનિકમાં રાહત દરે આધુનિક ટેક્નૉલૉજીની મદદથી આંખની ઉચ્ચ ગુણવત્તાસભર સારવાર આપવામાં આવે છે. આ ક્લિનિકમાં અત્યાર સુધીમાં ૩૦,૭૨૯ દરદીઓની આંખની તપાસ અને ૨૮૨૨ દરદીઓનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ ક્લિનિક સોમવારથી શનિવાર સવારના નવ વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી કાર્યરત હોય છે.




વીએફઆઈના અન્ય પ્રકલ્પમાં સૌથી મોટો પ્રકલ્પ રાષ્ટ્રીય નેત્રયજ્ઞનો છે. વીએફઆઈના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. કુલીન કોઠારીએ જણાવ્યું હતું કે, ૨૦૧૫થી શરૂ થયેલા આ પ્રકલ્પમાં અત્યાર સુધીમાં ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં મોતિયાનાં ૫,૪૭,૯૪૦ ઓપરેશન કરવામાં આવ્યા હતા. ૨૦૨૮ સુધીમાં આ પ્રકલ્પ અંતર્ગત ૧૧ લાખ ઓપરેશન કરવાનું ધ્યેય છે.

મુંબઈના ઝૂંપડપટ્ટી વિસ્તારના લોકોને આંખની સારવાર મળી રહે તે હેતુથી વીએફઆઈએ માનખુર્દ, ચિતા કેમ્પ, પાયધુની, ટિળક નગર અને ગોરેગામમાં પાંચ આયકેર ક્લિનિકની સ્થાપના કરી છે. આ ક્લિનિકમાં રાહત દરે અથવા નિઃશુલ્ક આંખની સંપૂર્ણ સારવાર આપવામાં આવે છે.

મુંબઈ પોલીસ વિભાગના કર્મચારીઓ અને તેમના પરિવારોને આંખની તપાસ માટે ખાસ પોલીસ જ્યોતિ પ્રકલ્પ ચલાવવામાં આવે છે. આ તપાસમાં જરૂર હોય તે પોલીસકર્મીનું ઓપરેશન નિઃશુલ્ક કરી આપવામાં આવે છે જ્યારે તેના પરિવારજનની સારવાર સાવ નજીવા દરે થાય છે.

વીએફઆઈના બાલદૃષ્ટિ પ્રકલ્પ હેઠળ પાલિકા અને ખાનગી સ્કૂલના વિદ્યાર્થીઓની આંખની તપાસ કરવામાં આવે છે.

અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોને અત્યાધુનિક સાધનો થકી આંખની સારવાર મળી રહે તે હેતુથી મોબાઈલ આય ક્લિનિકની શરૂઆત કરવામાં આવી છે. આ ક્લિનિક તેમના ઘરઆંગણા સુધી પહોંચીને આંખની તપાસ કરે છે. આ જ પ્રકારનું કાર્ય પ્રાઈમરી રૂરલ વિઝન કેર પ્રકલ્પમાં પણ કરવામાં આવે છે. આ પ્રકલ્પ મહારાષ્ટ્રના મનોર અને શાહપુર જેવા વિસ્તારોમાં ચાલે છે.

આંખોના સ્વાસ્થ્ય વિશે લોકજાગૃતિ લાવવા પ્રયત્નશીલ વીએફઆઈ ગરીબી રેખા નીચે રહેલા નાગરિકોને સારવાર આપવા અગ્રેસર છે. સેવાભાવી દાતાઓની નજીવી મદદના પગલે અનેક નેત્રહિનોને રોશની આપવાનું કાર્ય કરે છે. આ માટે વધુ માહિતી www.visionfoundationofindia.in પરથી મળી રહેશે.

For your requirements of

NAPHTHOLS/ FAST BASES
PIGMENT EMULSION
AMCOT SPECIALITY DIRECT DYES
REACTIVE DYES
VAT PASTE
ORGANIC & INORGANIC PIGMENT POWDERS
ACID, BASIC DIRECT DYES
1:1 & 1:2 METAL COMPLEX DYES
VAT COLORS

And
Wide range of Textile Auxiliaries alongwith various Ethylene Oxide Condensate Products


Our well equipped laboratory offers services like Testing of banned Amines either as such or those present as components of dyes, besides complete analysis of dyes / dye intermediates

Please Contact:

AMRITLAL CHEMAUX PRIVATE LIMITED
Rang Udyan, Sitladevi Temple Road, Mahim, Mumbai 400016
Tel.: 2446 1077, 2445 3252, 24451686
E-mail: contact@amritlal.in - website: www.amritlal.in


BRANCHES AT : AHMEDABAD, DELHI, KOLKATA


સાંતાક્રુઝ વેસ્ટમાં ભવ્ય અને અદ્યતન
હીરાવતી બેન્ક્વેટ એ. સી. હોલ
લગ્ન / શુભ પ્રસંગો માટે સર્વશ્રેષ્ઠ





❒ ૨૫૦ થી ૧૨૦૦ની કેપેસિટી ❒ ૪ એ. સી. રૂમની સુવિધા ❒
❒ વેલે પાર્કિંગ ઉપલબ્ધ ❒ રજવાડી ડેકોરેશન ❒
❒ ડાયનિંગ માટે એ.સી. હોલ અને ગ્રાઉન્ડની સુવિધા ❒






સંપર્ક :-
રાજેશ કેટરર્સ
૯૮૨૧૦૪૫૨૯૩
(રાજેશ ગાલા)
ફોરમ ડેકોરેટર્સ
૯૮૨૧૦૮૩૯૮૩
(પપ્પુ સુચક)
સ્થળ
હીરાવતી બેન્ક્વેટ હૉલ, ગુજરાતી સ્ત્રી મંડળ, પોદ્દાર સ્કૂલની પાસે,
ટાગોર રોડ, સાંતાક્રુઝ વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૫૪.

# શ્રી સાંઈ સાર્વજનિક ટ્રસ્ટના ઉપક્રમે માતૃભાષા અભિયાન



મમ્મી, 'ભેંશ ભાગોળે અને છાશ છાગોળે' એટલે શું? મારા નાના દીકરા ચિરાગે પૂછ્યું, 'અંગ્રેજી માધ્યમમાં ભણતાં બાળકો માતૃભાષાના શિક્ષણથી વંચિત રહે છે એટલે આપણી કહેવતો સમજતાં નથી. આ બાળકોને ગુજરાતી શીખવવું જરૂરી છે. એવો વિચાર મારા દીકરાના આ પ્રશ્ન પરથી આજથી ૨૮ વર્ષ પહેલાં મને આવ્યો અને અમે શરૂ કર્યા ગુજરાતી શીખવવાના વર્ગો,' એમ નિવૃત શિક્ષિકા અને શ્રી સાંઈ સાર્વજનિક ટ્રસ્ટનાં આમંત્રિત ટ્રસ્ટી મીનાબેન મહેતાએ જણાવ્યું હતું.

'શ્રી સાંઈ સાર્વજનિક ટ્રસ્ટ'ના ઉપક્રમે સૌપ્રથમ કાંદિવલીની સરદાર વલ્લભભાઈ પટેલ શાળામાં (હાલમાં ટી.પી. ભાટિયા કૉલેજ) વર્ગ શરૂ થયા હતા. નવા નવા શિક્ષિકા બહેનો આવતાં ગયાં, ધીરે ધીરે અન્ય શાળામાં વર્ગ શરૂ થયા. હાલ ઘણાં વર્ષોથી કાંદિવલી, બોરીવલી તથા ઘાટકોપરમાં અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને ગુજરાતી શીખવવાના વર્ગ મે વૅકેશનમાં પહેલી મેથી ૩૧ મે સુધી સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી ચલાવવામાં આવે છે. માત્ર એક મહિનાની અંદર બાળકો ગુજરાતી સ્વર-વ્યંજનો, ગીતો, કહેવતો, વાંચતાં-લખતાં શીખી જાય છે અને સાથે આપણી સંસ્કૃતિ અને સંસ્કાર તેમ જ માતૃભાષાનું મહત્ત્વ સમજાવવામાં આવે છે. શાળામાં જ્ઞાન મળે, પણ સંસ્કાર તો માતૃભાષા દ્વારા જ મળે, એમ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી અનંતરાય મહેતાએ જણાવ્યું હતું.

આ વર્ગોમાં ગુજરાતી ઉપરાંત મહારાષ્ટ્રીયન, મારવાડી, દક્ષિણ ભારતીય તેમ જ મોટી ઉંમરનાં બહેનો પણ આવે છે. આ વર્ષે ૬૭ વર્ષના એક મહારાષ્ટ્રીયન બહેન તેમ જ ૩૮ વર્ષના તમિલભાષી ભાઈ ખાસ ગુજરાતી શીખવા આવ્યા હતા.

મીનાબેન મહેતા અને સાથીઓએ 'માતૃભાષાના માર્ગે' પુસ્તક તૈયાર કર્યું છે. ટ્રસ્ટે 'વિસરાઈ જાતી વારસાઈ વાર્તાઓ' ભાગ ૧ અને ૨ (લેખક: તુષાર અંજારિયા) પ્રસિદ્ધ કર્યા છે, જેમાં વાર્તા ગુજરાતી તેમ જ અંગ્રેજીમાં છે અને તેના શબ્દોના અર્થ પણ છે. આ ઉપરાંત માતૃભાષાનો પ્રચાર અને પ્રસાર થાય તેવી પ્રવૃત્તિઓમાં ટ્રસ્ટ સહકાર આપે છે.

શ્રી સાંઈ સાર્વજનિક ટ્રસ્ટ ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવાની સાથે શૈક્ષણિક, વૈદ્યકીય અને સામાજિક સેવાઓ માટે પણ વર્ષોથી કાર્યરત છે.

મુંબઈ અને મહુવામાં શૈક્ષણિક, વૈદ્યકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવાના આશયથી સ્વ. કાકુભાઈ મહેતા, સ્વ. કળાબેન મહેતા અને અનંતરાય મહેતાએ ૧૯૭૮માં આ ટ્રસ્ટની સ્થાપના કરી હતી. ટ્રસ્ટ મુંબઈ પબ્લિક ચૅરીટેબલ ટ્રસ્ટ ઍક્ટ અંદર રજિસ્ટર છે, અને ઈન્કમ ટૅક્સની સેક્શન ૧૨-અ માં અને સેક્શન ૮૦-જીમાં રજિસ્ટર છે. લગભગ ૨૫ વર્ષ સુધી મહુવામાં અપંગ અને નિરાધાર વ્યક્તિઓ માટે મફત રસોડું અને છાશ કેન્દ્ર ચાલતું હતું. શૈક્ષણિક સહાય જેવી અનેક પ્રવૃત્તિઓ આજે પણ મુંબઈ અને મહુવામાં ચાલે છે.

ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટીઓ નિરંજન શેઠ તથા વસંત શાહ, શિક્ષિકાઓ શિલ્પાબેન રાજ્યગુરુ, હીનાબેન દફતરી, પ્રજ્ઞાબેન જોષી, સેજલબેન દફતરી, મીના શાહ, નયના મહેતા, જયશ્રી દેસાઈ, ભાવનાબેન, હર્ષદા મહેતા, ભાર્ગવી, ઉષાબેન મહેતા, દીપ્તિ મહેતા, ઘાટકોપરમાં હર્ષાબેન શાહ તથા મિતલ શાહ બાળકોને દરવર્ષે માતૃભાષા શીખવે છે.

# માતૃભાષાની શાળાઓ અને મુંબઈ ગુજરાતી સંગઠન



'મા', 'માતૃભાષા', 'માતૃભૂમિ'ને નમન કરનારા સંસ્કાર ધરાવતા આપણે ભારતીયો અને એમાંય ગુજરાતીઓ માતૃભાષાને ઘરબહાર કરવામાં ક્ષોભ નથી અનુભવતા. તો માતૃભાષા તેનાથી મળતા સંસ્કારો, સાચી સમજ, વિચારોની વૈવિધ્યતા, મોકળાશ, સહજતા, સરળતા, નવી પેઢી સુધી કેમ પહોંચાડશું? મોટા પડકારો છે, આ પડકારોની વચ્ચે પણ આજની તારીખે મુંબઈ, થાણા, કલ્યાણ, દહાણું, પૂના, નાસિકની લગભગ બધી જ ગુજરાતી માધ્યમની શાળાઓનો સંપર્ક કરી, તેઓની સાથે એકાત્મતા સાધી, આ શાળાઓને ફરી ધમધમતી કરવાના સંકલ્પ સાથે 'મુંબઈ ગુજરાતી સંગઠન' છેલ્લા ૧૨ વર્ષથી કાર્ય કરે છે.

સંગઠનનો મુખ્ય ધ્યેય આપણી માતૃભાષા આપણી જવાબદારીના સૂત્રને દરેક ભારતીય વિવિધ ભાષાઓ સુધી પહોંચાડી માતૃભાષાનાં મૂળિયાં મજબૂત હશે તો જ વટવૃક્ષ જેવું જીવન થશે એ સમજાવવાનું છે. એ માટે અત્યાર સુધીમાં સંગઠનને ૩૫૦થી વધુ વાલી સભાઓ કરીને જનજાગૃતિ કાર્ય કર્યું છે. બેનર્સ, હરીફાઈઓ, સભાઓ, શેરી નાટક, લેખો અને ટૂંકી ફિલ્મ દ્વારા લોકો સુધી માતૃભાષાનું મહત્ત્વ અને બાળકના સર્વાંગી વિકાસ માટે માતૃભાષાના માધ્યમ દ્વારા ભણતરની જરૂરિયાત પહોંચાડવાનો સતત પ્રયત્ન થઈ રહ્યો છે.

માતૃભાષાના માધ્યમના વિદ્યાર્થીઓને પણ આધુનિક જગત સાથે તાલ મેળવતા કરવા શૈક્ષણિક વર્ષ દરમિયાન અને ઉનાળુ વૅકેશનમાં પણ સ્પોકન અંગ્રેજીના વર્ગો યુવા સ્વયંસેવકો અને પ્રૉફેશનલ્સના સહકારથી ચલાવવા. શિક્ષકોને પણ ટ્રેનિંગ આપવી તેઓની વિવિધ કાર્યશાળાઓ હરીફાઈઓ યોજવી જેથી શિક્ષણનું સ્તર ઊંચું આવે.

**જરૂરિયાતમંદને સહાય:-** સંગઠન શૈક્ષણિક મદદ, ગણવેશ, ફી તથા દૂરથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની સુવિધા કરી આપવામાં સહાયરૂપ બને છે.

**આધુનિકીકરણ:-** સંગઠન માતૃભાષાની શાળાઓને આધુનિક, આકર્ષક, વિવિધ સુવિધાઓથી પરિપૂર્ણ કરવાના ધ્યેય સાથે આગળ વધી રહ્યું છે.

**વિદ્યાર્થીઓનું ભણતર:-** નવા પાઠ્યપુસ્તક આવતા આપણી ભાષામાં કોઈપણ પ્રકારનું માર્ગદર્શન મળતું ન હોવાથી જન્મભૂમિ જેવા સદૈવ માતૃભાષાની સેવામાં તત્પર એવા વર્તમાનપત્રને સાથે લઈ અનુભવી શિક્ષકોની મદદથી છાપામાં માર્ગદર્શન, સ્વાધ્યાય, સમૂહ પ્રશ્નપત્ર વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા. આનો લાભ આપણી ૭૨ શાળાઓનાં હજારો વિદ્યાર્થીઓ ઑનલાઈન વેબસાઈટ પરથી નિશુલ્ક લે છે.

**વાલીઓની સભા:-** આજના વહેણમાં વહી જનારા વાલીઓ જેમના બાળકો અંગ્રેજીમાં ભણે છે, તેઓની જનજાગૃતિ માટે પણ સાચી સમજણ આપવા વાલી સભા કરવામાં આવે છે.

**પ્રોત્સાહન ઈનામો:-** માતૃભાષાને પકડી રાખી છે, એવી શાળાના વિદ્યાર્થીઓને કે જેમને આર્થિક મદદની જરૂર છે તેઓને શિષ્યવૃત્તિ, દસમા ધોરણમાં શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન અને ઈનામ તથા શિક્ષકો જેમણે પોતાની નિઃસ્વાર્થ ભાવે સેવા આપી તેઓનું સન્માન કરે છે.

**મોટીવેશનલ વર્કશોપ:-** ધોરણ નવ અને દસના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં મોટીવેશનલ વર્કશોપ પણ યોજવામાં આવે છે. જેમાં પરીક્ષાની તૈયારી અને જીવનનો ધ્યેય નક્કી કરવા બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

**બાલમંદિર શૃંખલા:-** આજના વિવિધ વિસ્તારોમાં નજીકમાં માતૃભાષાના બાલમંદિર ન હોવાના કારણે વાલીઓ બાળકોને નર્સરીમાં મૂકે છે અને છેલ્લે એ બાળક વિદેશી ભાષાનું થઈ જાય છે, એટલે જ સંગઠને માતૃભાષાની બાલમંદિર શૃંખલાનો પ્રકલ્પ શરૂ કર્યો છે.

**શૈક્ષણિક ચિત્રો:-** આજના સમયમાં માતૃભાષાની શાળાઓ એટલે જૂની પુરાણી જર્જરિત અવસ્થામાં એવી ખોટી માનસિકતા બદલાવવા સંગઠને વિવિધ શાળાઓના શૈક્ષણિક ચિત્રો વડે શણગારી આધુનિક બનાવવાનો પ્રયાસ કર્યો છે. જેના દ્વારા વિદ્યાર્થીઓ ભીંત ચિત્રો પરથી સરળતાથી હસતાં રમતાં શીખી લે.

મુંબઈ ગુજરાતી સંગઠન જણાવે છે કે બાળકોને ગુજરાતી માધ્યમમાં ભણાવીને ઉત્તમ અંગ્રેજી પણ શીખવીએ, જેથી તેનો માનસિક સર્વાંગી વિકાસ પણ થાય અને જગત સાથે તાલમેલ પણ મેળવી શકે. વધુ ને વધુ સંગઠનો, સંસ્થાઓ, શાળાના સંચાલકો, ધાર્મિક ગુરુઓ આ કાર્યમાં જોડાય અને જનજાગૃતિને વેગ મળે તે માટે સંગઠન કાર્યરત છે. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત ભાષા ચેતનાને જગાડવા અને ભાષા સંસ્કારોનું બીજરોપણ કરી તેનું સંવર્ધન કરવા સંકલ્પબદ્ધ છે.

મહારાષ્ટ્રમાં ૭૦થી વધુ ગુજરાતી માતૃભાષાની શાળાઓ છે, અને હાલ દરેક પરાંમાં મહાનગરપાલિકાની શાળાઓ તો ચાલુ જ છે. જો બધાં ગુજરાતીઓ 'આપણી માતૃભાષા, આપણી જવાબદારી' સૂત્રને સ્વીકારીને શાળાઓનાં પ્રસાર-પ્રચાર-ઉન્નતિ માટે કાર્ય કરે, તો એ દિવસ દૂર નથી કે આપણે ગર્વથી કહી શકીએ કે આજે પણ ગુજરાતી માધ્યમની ઘણી સારી શાળાઓ મુંબઈમાં છે.

ગુજરાતી શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને આહ્વાન આપે છે કે, શાળાને કારણે તમે પ્રગતિનાં પંથે આગળ વધ્યાં છો, તે શાળાની મુલાકાત લઈને ત્યાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે અને ત્યાંના વિદ્યાર્થીઓની જરૂરિયાત વિશે જાણો અને તમારી સેવા આપો.

આજે જે ગુજરાતી માધ્યમની શાળાઓ ચાલી રહી છે તે ખરેખર સમાજમાં જાગૃતિ ફેલાવી, દેશસેવા અને સમાજસેવાનું કાર્ય પણ કરી રહી છે. માત્ર પુસ્તકિયું કે ગોખણપટ્ટિયું જ્ઞાન નહિ, પણ જીવન જીવવાનાં સાચાં મૂલ્યો આ શાળાઓ ભવિષ્યની પેઢીને આપી રહી છે. આવી શાળાઓ, જેના મજબૂત પાયા ઉપર આપણે આપણી પ્રગતિની ઊંચી ઈમારત ચણી શક્યા છીએ, તે શાળાના ઋણ સ્વીકાર તરીકે દરેક વિદ્યાર્થી આટલું તો કરી જ શકે!

જો આ કટિબદ્ધતા, ગુજરાતી માધ્યમમાં ભણેલાં દરેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં આવે તો ગુજરાતી માધ્યમની એક પણ શાળા, સમયની સાથે ડગ માંડવામાં પાછળ રહી જાય તેવી નથી.

# ગુજરાતી ભાષા માટે હેમરાજ શાહનું પ્રદાન

મુંબઈમાં ૨૪મી ઑગસ્ટના દિને ગુજરાતી ભાષા દિવસ તરીકે ઊજવાય છે. એ દિવસે કવિ નર્મદનો જન્મદિવસ છે. ગુજરાતના મહાન કવિનું નામ ગુજરાતી ભાષા દિન સાથે જોડવાની શરૂઆત ૨૦૧૦માં મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીએ કરી હતી. અકાદમીની સ્થાપના કરવામાં મુખ્ય રોલ ભજવનાર હેમરાજભાઈ શાહ અકાદમીના કાર્યાધ્યક્ષ હતા ત્યારે તેમણે આ યશસ્વી કાર્ય કર્યું.



કવિ નર્મદના જન્મદિવસ - ગુજરાતી ભાષા દિને કવિ નર્મદ પુરસ્કાર રાજ્ય સ્તરે સાહિત્યકાર, કલાકાર, પત્રકાર અને સંસ્થાને આ જીવનગૌરવ પુરસ્કાર અપાય છે, જેમાં પ્રશસ્તિપત્ર અને રૂા. ૫૧ હજાર આપવામાં આવે છે. હેમરાજભાઈ ૧૪ વર્ષ અકાદમીના કાર્યાધ્યક્ષ હતા ત્યાં સુધી આ પ્રવૃત્તિ ચાલુ રહી. અત્યાર સુધીમાં રઘુવીર ચૌધરી, રમેશ શુકલ, ધીરુભાઈ ઠાકર, ગુણવંત શાહ, કુમારપાળ દેસાઈ અને ધીરુબહેન પટેલને આ પારિતોષિક અપાયા છે. આ પ્રવૃત્તિ કાયમ ચાલુ રહે એ માટે હેમરાજભાઈએ ૮૨ વર્ષ પૂર્ણ કરીને ૮૩મા વર્ષમાં પ્રવેશ્યા ત્યારે પોતાના તરફથી ગુજરાતી વિશ્વકોષ ટ્રસ્ટને રૂા. ૫ લાખનો સહયોગ આપ્યો. ટ્રસ્ટના કર્તા કુમારપાળ દેસાઈ છે. કવિ નર્મદના જન્મદિને વિશ્વકોષ દ્વારા પારિતોષિક આપવામાં આવશે.




ગુજરાતી ભાષાની જ્યોત મહારાષ્ટ્ર રાજ્યમાં જલતી રાખવાનું બહુ મોટું કાર્ય હેમરાજભાઈએ કર્યું છે. જેને ગુજરાતીભાષીઓ ક્યારેય ભૂલી શકશે નહિ. માત્ર આ એવૉર્ડ જ દેશભરના લોકો માતૃભાષા ગુજરાતી ભાષા સાથે એ માટે નિબંધ સ્પર્ધાઓ યોજી. નવોદિત લેખકો-કવિઓનાં પુસ્તકો પ્રગટ કર્યા... એમણે પોતે અલગ અલગ વિષયોમાં પુસ્તકો લખ્યા. ગુજરાતી અખબારોમાં કટારો લખી. શ્રેષ્ઠ ગુજરાતીઓને ગિરનાર એવૉર્ડથી નવાજે. બૃહદ મુંબઈ ગુજરાતની સ્થાપના કરી એ પછી સમગ્ર મહારાષ્ટ્રના ગુજરાતીઓને એક તાંતણે જોડવા મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ ફેડરેશનની સ્થાપના કરી. વિશ્વ ગુજરાતી પરિષદ અહીં યોજી હતી. આમ અનેક કાર્યો દ્વારા દીર્ઘદ્રષ્ટા હેમરાજભાઈએ માતૃભાષાને ગૂંજતી રાખી.

સાહિત્ય અકાદમીના ૧૪ વર્ષ કાર્યાધ્યક્ષ રહ્યા એ દરમિયાન કાવ્ય, નવલકથા, ટૂંકી વાર્તા, લલિત નિબંધ, નાટક, બાળ સાહિત્ય અને અનુવાદના પુસ્તકોને ૨૫ હજાર અને ૧૧ હજાર રૂપિયાના પુરસ્કારો આપી પુરસ્કૃત કર્યા. પુસ્તક પ્રગટ કરવા રૂા. ૨૦ હજાર આપતા. આ રીતે ૨૦૦ પુસ્તક પ્રગટ કર્યા. નવા લેખકોના પુસ્તકો છપાવી આપ્યા. મહારાષ્ટ્ર રાજ્યની ૩૫ રજિસ્ટર્ડ લાઈબ્રેરીને દર વર્ષે ૨૫-૨૫ હજારનાં પુસ્તકો આપ્યાં હતાં. ગુજરાતી ભાષાના પ્રચાર અને પ્રોત્સાહન માટે હેમરાજ શાહે અત્યાર સુધી ગુજરાતી ભાષામાં ૨૭ અને મરાઠી ભાષામાં ચાર નિબંધ સ્પર્ધા યોજી અને રૂા. ૨૦ લાખના ઈનામો અને ૮૫૦ વ્યક્તિને પ્રશસ્તિપત્ર આપ્યા છે. જેમાં મહારાષ્ટ્ર, ગુજરાત અને દેશ-વિદેશના લોકોએ ભાગ લીધો હતો. એ માટે એમને વર્લ્ડ બુક ઑફ સ્ટાર રેકોર્ડનું સર્ટિફિકેટ પ્રાપ્ત થયું છે.

કચ્છમિત્ર દૈનિકના ૭૫મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે લેખકોને પ્રોત્સાહિત કરવાના હેતુથી 'ભૂકંપના બે દાયકા પછીનું કચ્છ' વિષય પર નિબંધ સ્પર્ધા યોજી હતી. જેમાં વિજેતાઓને કુલ રૂા. ૭૫ હજારના ઈનામો અપાયાં હતાં. મુંબઈ સમાચાર દૈનિકના ૨૦૦મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે 'આજના વર્તમાનપત્ર પાસેથી અમારી અપેક્ષાઓ' વિષય પર નિબંધસ્પર્ધા યોજી હતી, જેમાં બે લાખ રૂપિયાના ઈનામો આપ્યાં હતાં. ૩૨ નિબંધસ્પર્ધાના વિજેતાઓના ૩૨ પુસ્તકો છપાયાં છે. હેમરાજભાઈના પ્રકાશિત પુસ્તકોની યાદી જોઈને ખરેખર આશ્ચર્ય થાય. ૧૫ પુસ્તકો મૌલિક ગુજરાતી, ૮ મરાઠી પુસ્તકોનો અનુવાદ, ત્રણ અંગ્રેજીમાં અનુવાદ, સંપાદિત પુસ્તકો ૧૪, હેમરાજ શાહ વિષેનાં પુસ્તકો મળીને કુલ ૭૦ પુસ્તક થાય છે. પ્રાસંગિક ઘટનાઓ વિશે તેમણે પુસ્તકો પ્રગટ કર્યા છે. 'પ્રાસંગિક પડછાયા', 'પ્રાસંગિક પ્રતિબિંબ', 'પ્રાસંગિક પ્રસંગો', 'પ્રાસંગિક વિમર્શ' પુસ્તકો લખ્યાં છે, તો 'શિક્ષણમાં માતૃભાષાનું મહત્ત્વ' અંગે તેમણે લખ્યું છે. 'પ્લાસ્ટિક પ્રતિબંધ અને તેના પર્યાય' વિષય પર લખીને લોકોને માર્ગદર્શન આપ્યું. આ વર્ષે હેમરાજભાઈને ચોથો વર્લ્ડ રેકોર્ડ પ્રાપ્ત થયો છે. 'હેમરાજ શાહની સાહિત્ય સાધનાનું મૂલ્યાંકન' આ પુસ્તકમાં હેમરાજ શાહના લખેલા અને સંપાદન કરેલા ૬૦માંથી ૪૨ પુસ્તકોનો અનુવાદ ગુજરાતી ભાષાના ૩૬ પ્રાધ્યાપકોએ કર્યો છે. આ એક વર્લ્ડ રેકોર્ડ છે એને કિંગ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.

# કલાગુર્જરી આયોજિત 'ચાલો ગુજરાતી શીખીએ' શિબિર

ગુજરાતની અસ્મિતાને સમર્પિત એક અનન્ય કાર્યરત સંસ્થા કલાગુર્જરી સાહિત્ય, સંગીત, નૃત્ય, શિલ્પ-સ્થાપત્ય, ચિત્રકામ, છબીકલા, નાટક તથા લોકકલા જેવાં વિવિધ ક્ષેત્રમાં કલાકારોને પ્રોત્સાહિત કરે છે અને મંચ પૂરો પાડે છે. કલાગુર્જરીની વાર્ષિક 'રાસ-ગરબા હરીફાઈ' સંસ્થાની આગવી ઓળખ છે. દર વર્ષે યોજાતી વિજયદત્ત સ્મૃતિ 'એકાંકી નાટ્યસ્પર્ધા'માં નવોદિત કલાકારોને રંગમંચ પર કલા રજૂ કરવાનો અવસર આપે છે. ઉપરાંત દ્વિવર્ષીય યોજાતી 'ગિરા ગુર્જરી' પારિતોષિક સ્પર્ધામાં નવા લેખકોના પ્રકાશનને પ્રોત્સાહન આપી ઉત્સાહ વધારે છે.

મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા 'કલાગુર્જરી' સંસ્થાના બાળ વિભાગના સહયોગથી અંગ્રેજી-ગુજરાતી માધ્યમમાં ભણતાં ૭થી ૧૬ વર્ષનાં બાળકો માટે 'ચાલો ગુજરાતી શીખીએ' માતૃભાષા શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર દર રવિવારે સવારે ૧૧-૧૨ (૧ કલાક) ૭ મેથી શરૂ થઈને ૧૧ જૂન, ૨૦૨૩ સુધી (૬ રવિવાર) કલાગુર્જરી શ્રી દશરથલાલ જોશી પુસ્તકાલય વિલેપાર્લે (પશ્ચિમ)માં રાખવામાં આવી છે.આ છ દિવસીય માતૃભાષા શિબિરના સમગ્ર અભ્યાસક્રમની પરિકલ્પના કવિ મુકેશ જોષીની છે. મુકેશ જોષી અને ડૉ. પ્રીતિ જરીવાલા આ શિબિરના માર્ગદર્શકો તરીકે બાળકોને માતૃભાષા-ગુજરાતી શીખવી રહ્યાં છે.

શિબિરમાં બાળકો રમતાં રમતાં ગમ્મત સાથે સ્વર-વ્યંજનની ઓળખ, કક્કો-બારખડી, ૧થી ૫૦ (લખતાં-વાંચતાં) જોડકણાં પ્રકારની ગુજરાતી કવિતાઓ, બાળવાર્તાઓ, સામાન્ય પર્યાયવાચી શબ્દો, સંસ્કારની વાતો વગેરે શીખવવામાં આવે છે.શિબિરનાં માર્ગદર્શક ડૉ. પ્રીતિબહેને જણાવ્યું હતું કે, આ શિબિરમાં આવતાં બાળકો પ્રતિભાશાળી છે અને ઉત્સાહથી ભાગ લે છે. જે રીતે બાળકાવ્યો, કક્કો-બારખડી શીખવે છે તેમાં બાળકો સાથે આવતાં વાલીઓને પણ આનંદ આવે છે. વાલીઓ પોતાના બાળપણનાં સંસ્મરણોને તાજા કરે છે.

સંસ્થાના વર્તમાન પ્રમુખ હેમાંગ જાંગલાએ શિબિરના માર્ગદર્શકો મુકેશ જોષી, ડૉ. પ્રીતિ જરીવાલા અને બાળકો તથા તેમના વાલીઓને અભિનંદન આપ્યા હતા તથા સંસ્થાના માનદ્ મંત્રી પ્રણવ ભગત બાળકોને સર્ટિફિકેટ આપશે.

# બાળકોને માતૃભાષાનું જ્ઞાન આપતું ગુજરાતી બુદ્ધિ વિકાસ અભિયાન

ચોવીસ વર્ષ પહેલાં આશા શેઠ વૅકેશનમાં બાળકોને ગુજરાતી ધાર્મિક નાટકનું રિહર્સલ કરાવતાં હતાં ત્યારે અંગ્રેજી લિપિમાં સંવાદ લખીને આપવા પડતાં હોવાનો તેમને રંજ થતો હતો. અંગ્રેજી માધ્યમની શાળામાં ભણતાં બાળકો માતૃભાષાથી વંચિત ન રહે તે માટે શા ઉપાય કરી શકયા તેની ચર્ચા આશાબહેને પતિ નિકુંજ સાથે કરી. આ ચર્ચાના ફળસ્વરૂપે ગુજરાતી બુદ્ધિ વિકાસ અભિયાનનો આરંભ થયો. ગુજરાતી પરિવારમાં જન્મેલું દરેક બાળક માતૃભાષામાં વાંચી-લખી શકે એટલું શીખવવાનું બીડું આ અભિયાન અંતર્ગત ઝડપવામાં આવ્યું. નિકુંજભાઈ અન આશાબહેન સાથે આ અભિયાનમાં શેઠ પરિવારના અગિયાર સભ્યો જોડાયાં. તેમણે ઉનાળુ વૅકેશનમાં બાળકોને ગુજરાતી શીખવવાની શિબિર યોજી અને તેને એટલો સુંદર પ્રતિસાદ મળ્યો કે હવે મુંબઈના જુદાં જુદાં પરાં વિસ્તારમાં દર વર્ષે પંદર દિવસની માતૃભાષા શિબિરનું આયોજન થાય છે. ૨૦૨૧માં લૉકડાઉન દરમિયાન આવી ૨૦૦ ઑનલાઈન શિબિર યોજાઈ હતી અને બે હજાર બાળકોએ માતૃભાષાનું જ્ઞાન મેળવ્યું હતું.



ગુજરાતી બુદ્ધિ વિકાસ અભિયાન હેઠળ યોજાતી માતૃભાષા શિબિરમાં બાળકોને 'મા અને માતૃભાષા' પુસ્તક દ્વારા ગુજરાતી લખવા-વાચવાનું પાયાનું જ્ઞાન આપવામાં આવે છે. આ સાથે જ કવિતા, વાર્તા અને રમતો દ્વારા બાળકની બુદ્ધિના વિકાસને ઉત્તેજન આપવામાં આવે છે. આ વર્ષે આવી કુલ ૪૨ શિબિર યોજાઈ અને તેમાં ૧૫૦ શિક્ષકોએ સેવા આપી હતી. નિકુંજભાઈનું કહેવું છે કે, ગુજરાતી માત્ર ભાષા કે વિષય નથી. આ એવો ખજાનો છે જે નરસિંહ મહેતા કે મીરાંબાઈ જેવા સંતો અને સાહિત્યકારો સાથે પરિચય કરાવે છે. આ પ્રકારના અભિયાનો દ્વારા બાળકોને ફક્ત ગુજરાતી લખતાં અને વાંચતાં આવડશે. ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, ધૂમકેતુ જેવા મહાન ગુજરાતી સાહિત્યકારોને જાણવા અને માણવા માટે શાળામાં ગુજરાતી ભણવું જોઈએ અથવા તો બાળકે સ્વયં રસ કેળવીને ગુજરાતી સાહિત્ય વાંચવું.

ગુજરાતી બુદ્ધિ વિકાસ અભિયાનમાં વૅકેશનમાં યોજાતી માતૃભાષા શિબિરમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મતનો આનંદ આપવા નાટિકાઓ ભજવાય છે અને પિકનિકનું આયોજન પણ થાય છે. શરૂઆતના વર્ષોમાં મુંબઈમાં આવેલા વિવિધ સ્થળે એક દિવસીય પિકનિક રાખવામાં આવતી હતી. હવે મુંબઈની બહાર પિકનિક કમ શિબિરનું આયોજન કરવામાં આવે છે. વર્ષના બાકીના સમયમાં ઑનલાઈન અને ઑફલાઈન આધ્યાત્મકિ વર્ગો ચાલે છે. આ વર્ગોમાં દર મંગળવારે રામચરિત માનસ અને અષ્ટાવક્ર ગીતા, ગુરુવારે ભગવદ્ ગીતાના અધ્યાય તથા શ્રીમદ્ ભાગવત પુરાણ અને શનિવારે સનાતન ધર્મના વર્ગ ચાલે છે. આ ઉપરાંત શિવ પંચાક્ષર, શિવ તાંડવ, શિવ મહિમ્ન, મેધા સૂક્તમ્, પુરુષ સુક્તમ્, હનુમાન ચાલીસા, રુદ્રાષ્ટકમ્ વગેરેના પારાયણ વર્ગો પણ ચાલે છે. વરસ દરમિયાન અલગ અલગ પ્રકારની હિન્દી વાર્તાઓ સાધકોને સાંભળવા અને બાળકોને સંભળાવવા માટે મોકલવામાં આવે છે. અત્યાર સુધીમાં આવી ૩૧૬ વાર્તા મોકલાઈ ચૂકી છે.

# માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચનો દોઢ દાયકાની ગુજરાતી ભાષા શીખવવાનો યજ્ઞ

માતૃભાષા ગુજરાતી શીખવવાની જેટલી ખેવના શિક્ષક વર્ગમાં છે એવો જ ઉત્સાહ વિદ્યાર્થીઓ પણ દર્શાવી રહ્યા છે. જેનો સુંદર અનુભવ મુલુંડ-મુંબઈમાં માતૃભાષા ગુજરાતી પ્રસાર મંચને છેલ્લા દોઢ દાયકાથી થઈ રહ્યો છે. કોરોના મહામારી પહેલાં આ વર્ગો ઑફલાઈન લેવાતા હતા. લગભગ ૮૦થી ૧૦૦ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થતું. ત્રીજાથી સાતમા અને આઠમીથી દસમા ધોરણના એમ મુખ્યત્વે બે વર્ગો રહેતા. ત્યારે એસએમપીઆર શાળાનો સહયોગ મળી રહેતો. જે વિદ્યાર્થીઓએ શરૂઆતનાં વર્ષોમાં પાયાનું જ્ઞાન મેળવી લીધું હોય તેમને માતૃભાષાના સમૃદ્ધ સાહિત્ય વારસાને સાંકળી લઈ એડ્વાન્સ કોર્સ કરાવવામાં આવતો. આ પ્રણાલિ હજી પણ ચાલુ છે. અંગ્રેજી માધ્યમમાં ભણતા માતૃભાષી વિદ્યાર્થીઓને પરિવારમાં રહીને ગુજરાતી બોલતા તો આવડતું હોય છે, પણ એમને લખતા અને વાંચતા ગુજરાતી ભાષા આવડી જાય એ પ્રમાણેનો અભ્યાસક્રમ અનુભવી શિક્ષકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. સંસ્થાના પ્રમુખ જગજીવનભાઈ તન્નાએ આ ઉદ્દેશને લક્ષમાં લઈ આ કોર્સ માટેની પુસ્તિકા 'ચાલણ ગાડી' બહાર પાડી છે. આ સંસ્થાના લાલજી સર જેઓ પોતે છેલ્લાં ૪૦ વર્ષોથી શિક્ષણક્ષેત્રમાં છે તે આ વર્ગો માટે વિશેષ રુચિ લઈ શિક્ષકો સાથે સંવાદ સાધી વિદ્યાર્થીઓને શું વધુ સારું આપી શકાય એનો વિચાર-વિનિમય કરી લે છે.



આપત્તિને અવસરમાં ફેરવી કોરોનાકાળમાં ઝૂમ ઍપ પર આ નિઃશુલ્ક વર્ગોની પરંપરા ચાલુ રહી. આ વર્ષો દરમિયાન ૭૦-૮૦ જેટલા વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થયું હતું. ભાવનાબેન ઠક્કર, યામિનીબેન જોશી, લાલજી સર, જ્યોતિબેન જોશી, રક્ષાબેન દીક્ષિત, મેઘના તન્ના, દીપાલીબેન પટેલ, બીનાબેન ઠક્કર વગેરેનો શિક્ષક વર્ગ માતૃભાષા ગુજરાતીના સંવર્ધનના આ રચનાત્મક પ્રયાસમાં સેવા આપી રહ્યો છે. તો બીજી બાજુ ઝૂમ ઍપના કંટ્રોલ રૂમનું સંચાલન મંત્રી ધીરેન તન્ના અને ખુશબૂ ગણાત્રા સંભાળે છે. ૯૦ મિનિટના આ વર્ગોની શરૂઆતમાં ઑનલાઈનમાં પ્રમુખ જગજીવનભાઈ તન્ના બાળગીત રજૂ કરે, ઉપપ્રમુખ હીરાલાલભાઈ મૃગનો સંક્ષિપ્ત સંદેશ અને મહામંત્રી લાલજી સરના સંસ્કૃત શ્લોક હોય.

આ વર્ષે આ વર્ગોમાં મુંબઈ, મુંબઈ બહારના અને વિદેશના સહિત ચુમાળીસ વિદ્યાર્થીઓ જોડાયા હતા. એક નવો પ્રયોગ કરી શિક્ષકોએ સંસ્થાના કાર્યાલયમાંથી ઝૂમ ઍપ પર આ વર્ગો ચલાવ્યા હતા. બે શિક્ષિકા બહેનો નિશા કોઠારીએ કેનિયા અને ભાવનાબેન ઠક્કરે કૅનેડાથી સમયાંતરે આ વર્ગો લીધા હતા. વર્ગોના સમાપન દિવસે આ વિદ્યાર્થીઓ પોતે માતૃભાષામાં શું શીખ્યા એના આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ આપતા હોય છે. અઠવાડિયા, મહિના, ઋતુ વગેરેનાં નામો બાળગીતરૂપે રજૂ કરતા હોય છે. એડ્વાન્સ કોર્સ કરેલાં વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ ગીત-નૃત્ય રજૂ કરે છે. બાળકોમાં માતૃભાષા શીખવાની ધગશ હોય છે. જરૂર છે એમની આ જિજ્ઞાસા સંતોષવાની. જવાબદારી લેતી સંસ્થાઓની.

# માનવતાને જ ધર્મ માનનાર મહાવીરપ્રસાદ ઘ. સરાફ

માનવતા જ ધર્મ છે, આ પંક્તિને યથાર્થ માનનાર સમાજસેવી અને પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ ૮૯ વર્ષ મહાવીરપ્રસાદ ઘ. સરાફ જેના નામથી તો લોકો પરિચિત છે જ. મુંબઈ શહેરમાં રેલવે સ્ટેશનો પર સરાફ ટ્રસ્ટનું નામ અંકિત થયેલું તમે જોયું જ હશે. સરાફનો દૃઢનિશ્ચય છે કે જરૂરતમંદ લોકોને બને એટલી સહાય કરવી જ છે. એને યથાર્થ સફળ બનાવવા માટે ઘનશ્યામદાસ સરાફ ટ્રસ્ટ અને કરણદેવી સરાફ ટ્રસ્ટ, કિરણદેવી સરાફ ટ્રસ્ટ, મહાવીરપ્રસાદ સરાફ ટ્રસ્ટ અને સુપરટૅક્સ ફાઉન્ડેશન નામનાં પાંચ ટ્રસ્ટોની સ્થાપના કરી છે, જેના તેઓ પ્રમુખ ટ્રસ્ટી છે. આ ટ્રસ્ટોનાં માધ્યમથી અનેક લોકકલ્યાણનાં કાર્યો નિરંતર થઈ રહ્યાં છે. છેલ્લાં ૬૪ વર્ષોથી જાતિ-ધર્મના ભેદભાવ વિના સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, સ્વાસ્થ્ય, કલા, સાહિત્ય અને સંસ્કૃતિ, વિકલાંગ-પુનર્વસન, મહિલા તેમ જ બાળકલ્યાણ, રમતગમત પ્રોત્સાહન જેવાં ક્ષેત્રોમાં લોકોનાં કલ્યાણ અર્થે તેઓ સતત કાર્યરત છે. એમના પરોપકારનાં કાર્યોથી બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા પણ પ્રભાવિત થઈ સરાહના સ્વરૂપે મલાડના પોદ્દાર પાસેના ચોકને ઘનશ્યામદાસ સરાફ ચોક નામ આપવામાં આવ્યું છે.



**સમાજ કલ્યાણ ક્ષેત્રે યોગદાનઃ** મુંબઈ નગરીમાં બેસવાના બાંકડા અને પાણીની પરબો ઉપરાંત પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે સાર્વજનિક શૌચાલયની અતિ આવશ્યકતા છે. આથી સરાફે છ શૌચાલયોનું નિર્માણ વિવિધ સ્થાનો પર કર્યું છે. પાંચ સામાજિક સભાગૃહો નિર્માણ કર્યાં, જેમાં ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમોનું આયોજન થઈ શકે.

બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ, જોગેશ્વરી દ્વારા નવ નિર્મિત સાત માળનું ભવન (ધર્મશાળા) બનાવ્યું છે. આ ભવનમાં છઠ્ઠા માળે ચાર રૂમ પ્રાયોજિત કર્યા છે. ધર્મશાળામાં જરૂરતમંદ લોકો અને શહેરની બહારથી આવેલ મહેમાનોને ટૂંકા ગાળા માટે વાજબી દરે મળી રહે છે. આ રૂમો ફુલ્લી ઍરકન્ડિશન્ડ અને અન્ય સુવિધાઓથી સજ્જ છે.

મઢ ગામમાં અને તારાપુરના બોઈસરમાં પાણીની અછતના લીધે ત્યાંના લોકોને દૂર દૂરથી પાણી લાવવું પડતું હતું એટલા માટે સરાફે તેમના રહેઠાણ નજીક ચાર બોર વેલ ખોદાવી આપ્યા. વરલી ખાતે સમાજના વયોવૃદ્ધો માટેના મનોરંજન વિશ્રામ કેન્દ્રનો જીર્ણોદ્ધાર કરાવી તેમની સુવિધામાં વધારો કર્યો છે. વર્સોવામાં સામાન્ય લોકોના આરોગ્ય હેતુ યોગ્ય કેન્દ્રની સ્થાપના કરી છે. જરૂરતમંદ ઝૂંપડપટ્ટીના લોકોને વરસાદમાં અત્યંત ઉપયોગી એવી હજારો છત્રીઓ અને રેઈન-કોટ્સ ભેટ આપ્યાં. પૂર રાહત માટે ઘરેલુ વસ્તુઓનાં હજારો સેટ્સ, સેંકડો ચાદરો વગેરે અસરગ્રસ્ત પરિવારોને આપ્યાં. આ ઉપરાંત, બ્લેન્કેટ્સ, સ્વેટર્સ, સ્કૂલ બૅગ્સ, સ્કૂલ યુનિફોર્મ્સ, નાઈટ ગાઉન્સ અને સાડીનું વિતરણ કર્યું.

**શૈક્ષણિક અને કેળવણી અંગેના કાર્યક્રમો :** મલાડ ખાતે ઘનશ્યામદાસ સરાફ કૉલેજ - એનએએસી દ્વારા જેને એ ગ્રેડ મળ્યો છે જે મુંબઈ યુનિવર્સિટીને સંલગ્ન છે અને દુર્ગાદેવી સરાફ જુનિયર કૉલેજની મલાડ (પશ્ચિમ)માં સ્થાપના કરી છે. દુર્ગાદેવી સરાફ ઈન્સ્ટિટ્યુટ ઑફ મૅનેજમેન્ટ સ્ટડીસ, કિરણદેવી સરાફ ઈન્સ્ટિટ્યુટ અને કિરણદેવી સરાફ સેન્ટર ઑફ એક્સેલેન્સ વ્યવસાયલક્ષી કાર્યક્રમો અને કોર્સિસ માટે સંપૂર્ણ શિક્ષણ આપતી સંસ્થા છે, જેમાં આજની યુવાપેઢીને રોજગારની તકો પૂરી પાડે તેવા જૉબ ઑરિયેન્ટેડ કોર્સિસ શીખવાડવામાં આવે છે. ત્રણ કમ્પ્યુટર સેન્ટરોની સ્થાપના કરી છે. વયસ્ક અને વિદ્યાર્થી તેમ જ સામાન્ય નાગરિકો માટે પબ્લિક લાઈબ્રેરી, વિવિધ સ્કૂલો અને કૉલેજોમાં લૅક્ચર હૉલ્સ તેમ જ ક્લાસ રૂમ્સની સ્થાપના કરી છે અને વિવિધ શાળાઓ માટે વૉટર કૂલર્સ ભેટ આપ્યાં છે. દસ વર્ષથી મહાનગરપાલિકાની શાળાના હજારો વિદ્યાર્થીઓને શૈક્ષણિક ચીજવસ્તુઓની ભેટ, જેમ કે સ્કૂલ તથા કૉલેજ બૅગ્સ, નોટબુક્સ વગેરે આપે છે. ઈન્સ્ટિટ્યુટ ઑફ મૅનેજમેન્ટ સ્ટડીસમાં વાર્ષિક ધોરણે બેસ્ટ સ્ટુડન્ટ્સને માટે ઘનશ્યામદાસ સરાફ ગોલ્ડ મેડલ અને દુર્ગાદેવી સરાફ મેડલની સાથે કૅશ એવૉર્ડ્સ પણ આપવામાં આવે છે. દર વર્ષે કંપની સેક્રેટરી કોર્સમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવે છે. ઈન્સ્ટિટ્યુટ ઑફ મૅનેજમેન્ટ સ્ટડીસના બેસ્ટ વિદ્યાર્થીઓને દર વર્ષે ગોલ્ડ મેડલ્સ એનાયત કરવામાં આવે છે. અભ્યાસ-વર્ગો અને ખાનગી શિક્ષણ-વર્ગો પ્રાયોજિત કર્યા છે. આદિવાસી ગ્રામીણ સ્કૂલનાં બાળકો, જેઓ જમીન પર બેસીને અભ્યાસ કરે છે તેમની સુવિધા માટે બેન્ચો અને ડેસ્ક પ્રદાન કરી. ગરીબ અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને તેમના ભણતર ક્ષેત્રે વિકાસ કરી સફળતા પ્રાપ્ત કરી શકે એ માટે ૪૬ કમ્પ્યુટર્સ પ્રદાન કર્યાં છે.




**સ્વાસ્થ્ય અને વૈદ્યકીય યોજના :** નાણાવટી હૉસ્પિટલમાં દસ હજાર સ્ક્વેર ફીટ વાળા વિશાળ દુર્ગાદેવી સરાફ ઓપીડીની સ્થાપના કરી છે, જેમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. વર્ષે લગભગ બે લાખ લોકોને આ ઓપીડીની સુવિધાનો લાભ મળે છે. હૉસ્પિટલમાં નવ હજાર ચોરસફીટમાં વિસ્તરેલું એક આધુનિક કિરણદેવી સરાફ ઈમેજિંગ સેન્ટરની સ્થાપના કરી છે. જેમાં આધુનિક રેડિયોલૉજી અને ઈલેક્ટ્રો મૅગ્નેટિક સાધનો વડે વિવિધ બીમારીનું નિદાન કરવામાં આવે છે. દર્દીઓના લાભાર્થે વી.એન. દેસાઈ હૉસ્પિટલમાં બર્ન્સ વૉર્ડ શરૂ કર્યો તેમ જ અમરાવતીની રાણી સતી આઈ હૉસ્પિટલમાં આંખ માટેનો વૉર્ડ શરૂ કર્યો છે. તારાપુરની ટિમા હૉસ્પિટલમાં ઑફિસ-કમ-સ્ટાફ રૂમની સગવડ કરી આપી. બીમાર વ્યક્તિને હૉસ્પિટલ લઈ જવા કે અકસ્માતના સમયે અત્યંત જરૂરી એવી ૨૪ ઍમ્બ્યુલન્સ અને હેલ્થ વૅનનું દાન વિવિધ હૉસ્પિટલ અને ચિકિત્સા કેન્દ્રોને દાનમાં આપી. જરૂરતમંદ આંખોના દર્દીઓ માટે વિવિધ સ્થળે ૧૭ આય કૅમ્પોનું આયોજન કરી હજારો ચશ્માં વિનામૂલ્યે આપ્યાં. દર્દીઓને ઉપયોગી એવાં હજારો સાધનો વિવિધ હૉસ્પિટલને દાન આપ્યાં છે. ટી.બી., આંખ અને કિડની ફાઉન્ડેશનોની સ્થાપના વિવિધ આરોગ્ય કેન્દ્ર ખાતે સ્થાપવામાં આવી છે. તેમ જ કૂપર હૉસ્પિટલમાં ત્રણ ઈસીજી મશીનો અને ત્રણ નેત્રદર્શક યંત્રોનું દાન કરવામાં આવ્યું છે.

**વિકલાંગ પુનર્વસન :** સેંકડો ટેલિફોન બૂથો, હજારો ટ્રાઈસિકલ અને વ્હીલચૅર, ૫૦૦ જયપુર ફૂટ, હજારો વૉકર્સ તથા ઘોડી વગેરે વિકલાંગોની જરૂરિયાત પૂરી કરવા તેમ જ તેમને ગુજરાન ચલાવવા અને રોજગાર માટે ઉપયોગી થઈ શકે એ હેતુથી દાનમાં આપ્યાં. વિકલાંગ બાળકો માટે શિક્ષણ, સારવાર અને મનોરંજન માટે દુર્ગાદેવી થેરેપી કમ મનોરંજન કેન્દ્ર ખોલ્યું. વિકલાંગોને આર્થિક સહાયતા મળી રહે તે માટે હેન્ડીકેપ્ડ ફાઉન્ડેશનની સ્થાપના કરી છે. ૬૭૦ બ્રેઈલ ઘડિયાળો દાનમાં આપી છે. મંદબુદ્ધિવાળાં બાળકોનાં શિક્ષણ અને મનોરંજન માટે સોની મ્યુઝિક સિસ્ટમની ભેટ આપી છે.

**નારી-કલ્યાણ માટેનું યોગદાન :** આર્થિક સમસ્યાગ્રસ્ત તેમ જ જરૂરતમંદ મહિલાઓની સહાયતા માટે ૨૮૧૩ સિલાઈ મશીનો આપ્યાં છે સાથે જ ૨૮ સિલાઈ વર્ગોની વિવિધ જગ્યાએ સ્થાપના કરી છે. મુંબઈ બહારથી આવેલી નોકરિયાત મહિલાઓને રહેવાની સુવિધા મળી રહે તે માટે મહિલા હૉસ્ટેલના પ્રકલ્પ માટે આર્થિક સહાયતા કરી છે. કલા-સર્જકતાને બહાર આણવા સ્ત્રીઓને પ્રોત્સાહિત કરવા ૧૪૨ કાર્યશાળાઓ સ્પૉન્સર કરી છે. ગ્રામીણ વિસ્તારમાં સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને ૨૫૦ બાઈસિકલ્સનું વિતરણ કરવામાં આવ્યું. જરૂરતમંદ વિધવા મહિલાઓને ૫૫૦ પ્રેશર કૂકર્સ, ૨૩ ઈડલી આટા મેકિંગ મશીન્સ તેમ જ ચકલી મેકર મશીન્સ પ્રદાન કર્યાં. ગરીબ પરિવારોને ૧૦૦ જયપાન મિક્સર ગ્રાઈન્ડર, ૨૧૦ તાતા સ્વેચ વૉટર ફિલ્ટર્સ વિતરિત કર્યા.

**રમતગમતની સિદ્ધિ માટેના પ્રકલ્પો :** ધોબી તળાવ પર આવેલા એમએસએસએ સ્પોર્ટ્સ સેન્ટરના કાર્યાલયના પ્રાંગણની મરામત કરાવી રમતવીરોને માટે શાવરની સગવડ કરાવી તથા વૉટર કૂલર્સ અને બાંકડા મુકાવ્યાં.

**કલા સંસ્કૃતિ અને સાહિત્ય ક્ષેત્રે યોગદાન :** શહેરની સૌથી જૂની કલા-સંસ્થા ધ આર્ટ સોસાયટી ઑફ ઈન્ડિયાનાં ૮૦ વર્ષ જૂના કાર્યાલયનું સમારકામ કરાવ્યું. હિન્દી, મરાઠી, ગુજરાતી અને રાજસ્થાની એમ ચાર ભાષાઓના લેખકોને તેમના ઉત્તમ યોગદાન માટે પુરસ્કારવા ઘનશ્યામદાસ સરાફ સાહિત્ય પુરસ્કાર વાર્ષિક ધોરણે એનાયત કરવાનું ૧૯૯૨થી શરૂ કર્યું છે. ૧૯૯૫થી વિવિધ ક્ષેત્રે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરનાર વ્યક્તિને દુર્ગાદેવી સરાફ સન્માન પુરસ્કાર વાર્ષિક ધોરણે આપવામાં આવે છે. અને કાવ્યક્ષેત્રે સર્વોત્તમ પ્રદાન બદલ કિરણદેવી સરાફ લિટરરી એવૉર્ડ એનાયાત કર્યો છે. સાંસ્કૃતિક સંગીતને પ્રોત્સાહન માટે બાર વર્ષથી વાર્ષિક ધોરણે દુર્ગાદેવી સરાફ ગીત ગાન અને દુર્ગાદેવી સરાફ રાસ-ગરબા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

લેખકો પાસે તેમની કૃતિ પ્રકાશિત કરવાનાં સાધનો ઉપલબ્ધ નથી હોતા આથી વિવિધ ભાષાઓનાં ૩૨૯ પુસ્તકો તેમ જ સાંસ્કૃતિક માર્ગદર્શિકાઓના પ્રકાશન માટે કવિઓ અને લેખકોને આર્થિક સહાય કરી છે. ગુજરાતી કાવ્ય-નિબંધ સ્પર્ધાઓનું પણ આયોજન કરી તેમ જ તેમનાં કાવ્ય-નિબંધો પુસ્તકરૂપે લોકાર્પણ પણ કર્યું છે. પત્રકાર સ્નેહ સંમેલન, સર્જકનો શબ્દ, અનેક કાવ્ય-સ્પર્ધાઓ, અન્ય સાહિત્યિક પ્રવૃત્તિઓ, નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યું છે.

**ગૌરવ-પ્રદાન :** સરાફની નિઃસ્વાર્થ સેવા બદલ અગણિત સન્માન અને એવૉર્ડ પ્રાપ્ત થયાં છે, જેમાંના કેટલાક ભારતના રાષ્ટ્રપતિ, ભારતના ઉપ-રાષ્ટ્રપતિ, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન, આયકર વિભાગ, વિત્ત મંત્રાલય, નગરપાલિકા કમિશનર્સ, લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ, રોટરી ક્લબ, જાયન્ટ્સ ઈન્ટરનેશનલ ગ્રુપ અને અન્ય સામાજિક સંસ્થાઓના પદાધિકારીઓના હસ્તે આપવામાં આવ્યાં છે તેમ જ ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના મુંબઈ મિરર ઍડિશનમાં મહાવીરપ્રસાદ સરાફને 'મુંબઈ હીરો'ના રૂપમાં મુંબઈવાસીઓએ પસંદ કર્યા છે.







# THE FINEST TOWNSHIP OF INDIA

## Hiranandani Gardens, Powai

## ATLANTIS

**2 BHK APARTMENTS**
**(Ready-to-move-in)**

## REGENT HILL

**1 BHK APARTMENTS**
**(Ready-to-move-in)**

## CASTLE ROCK

**2 BHK APARTMENTS**
**(Ready-to-move-in)**

## HIGHLAND

**2 & 3 BHK APARTMENTS**
**(Under Construction)**

**Township Amenities:** Hiranandani Foundation School • Dr L H Hiranandani Hospital • Clubhouse • Gymnasium • Swimming Pool • Tennis Courts • Shopping Arcade • Landscaped Gardens • Pedestrian-friendly, Tree-lined Avenues



Actual image of Hiranandani Gardens, Powai

**+91 22 4893 0411 / 4893 0412**

Sales Off.: Hiranandani Sales Gallery, Central Avenue, Opp Rodas Hotel, Hiranandani Business Park, Powai, Mumbai - 400 076.

www.hiranandani.com | sales@hiranandani.net | /hiranandanidevelopers

The projects have been registered via MahaRERA registration number: Atlantis - A & B wing: P51800000154, Atlantis - C wing: P51800000143, Regent Hill A, B, C, D and E Wing: P51800018620, Castle Rock - A & B wing: P51800000408, Castle Rock - C & D wing: P51800000405, Highland : P51800029948 and are available on the website https://maharera.mahaonline.gov.in under registered projects. *T & C apply.

Hiranandani
creating better communities